### પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે નવરંગપુરા મુખ્ય ડાકઘરમાં ફરકાવ્યો રાષ્ટ્રીય ધ્વજ, ડાક ચોપલમાં લાભાર્થીઓ સાથે કર્યો સંવાદ

# ડાક વિભાગે મનાવ્યો ૭૬મો ગણતંત્ર દિવસ, તમામ ડાકઘરોમાં રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવાની સાથે 'ડાક ચોપાલ'નું પણ આયોજન કરવામાં આવ્યું

### ડાક વિભાગનો સામાન્ય જન સાથે જોડાણ, આવા સંજોગોમાં ગણતંત્રમાં તેની ભૂમિકા વધુ મહત્વપૂર્ણ : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ







। અમદાવાદ, તા.૨૭ ।

ડાક વિભાગે ૭૬મો ગણતંત્ર દિવસ હર્ષોલ્લાસ સાથે મનાવ્યો. અમદાવાદના નવરંગપુરા મુખ્ય ડાકઘરમાં ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે રાષ્ટ્રીય ધ્વજ ફરકાવ્યો. આ અવસરે 'ડાક ચોપલ' મહોત્સવનું આયોજન કરીને લોકોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યું. ઉત્તર ગુજરાતના તમામ ૨,૨૬૨ ડાકઘરોમાં ગણતંત્ર દિવસ પર રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવાની સાથે 'ડાક ચોપાલ'નું પણ આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે 'ડાક સેવા - જન સેવા' સૂત્ર હેઠળ તમામ ટપાલ સેવાઓની માહિતી આપતી પુસ્તિકાનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે તેમના સંબોધનમાં જણાવ્યું કે, ડાક વિભાગ સામાન્ય જનતા સાથે જોડાયેલું છે જે સમાજના અંતિમ વ્યક્તિ સુધી પહોંચીને લોક કલ્યાણકારી યોજનાઓથી લોકોને જોડે છે. એવી પરિસ્થિતિમાં, ગણતંત્રમાં ડાક વિભાગની ભૂમિકા વધુ મહત્વપૂર્ણ બની જાય છે. સંવિધાનમાં આપવામાં આવેલા અધિકારો સાથે કર્તવ્યોનો પણ યોગ્ય અમલ કરવો જરૂરી છે. આ અનુસંધાનમાં, જરૂરી સરકારી અને નાગરિક-કેન્દ્રિત સેવાઓને સમાજના અંતિમ છોર સુધી પહોંચાડવા માટે દરેક ડાકઘરમાં 'ડાક ચોપલ'નું આયોજન કરવામાં આવ્યું છે. આમાં 'સરકારી સેવાઓ તમારા દ્વાર' હેઠળ નાણાકીય સેવાઓ, વીમા, પેમેન્ટ્સ બેંક સેવાઓ, ડીબટી, ઈ-કોમર્સ અને નિકાસ સેવાઓ સહિત વિવિધ નાગરિક-કેન્દ્રીત સેવાઓ વિશે જાગરૂકતા ફેલાવી અને લોકોને લાભ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ભારત સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ ડાકઘરો દ્વારા અમલમાં લેવામાં આવી રહી છે. આ સેવાઓને સમાજના તમામ લોકો સુધી પહોંચાડીને આપણે તેમને તેમના અધિકાર આપવા અને આપણી ફરજોનું નિર્વહણ કરી શકીએ છીએ. આ જ ગણતંત્ર દિવસની વાસ્તવિક મહત્વ હશે. સુકન્યા સમૃદ્ધિ યોજના અને મહિલા સન્માન બચત પત્રની લાભાર્થીઓને પાસબુક વિતરણ કરતી વખતે, તેમણે સશક્ત નારી અને સમૃદ્ધ સમાજનું આહ્વાન કર્યું.

શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે આ દિવસે, આપણે બંધારણ હેઠળ લોકશાહી પ્રણાલી અપનાવી હતી અને દેશના દરેક નાગરિકના કલ્યાણ અને સર્વાંગી વિકાસની ખાતરી કરવાનો સંકલ્પ લીધો હતો. આવી સ્થિતિમાં, એક જવાબદાર નાગરિક અને સરકારી વ્યવસ્થાના એક ભાગ તરીકે, બંધારણ દ્વારા સ્થાપિત વ્યવસ્થાને મજબૂત બનાવવા માટે કામ કરતી વખતે, આપણી ફરજ હોવી જોઈએ કે સરકારની તમામ કલ્યાણકારી યોજનાઓ સામાન્ય લોકો સુધી પહોંચે. અને આ માટે આપણે વધુ અસરકારક અને પ્રતિબદ્ધ રીતે કામ કરવું પડશે. દિવસ પર, આપણે બધાએ લોકશાહીની સિદ્ધિઓની ઉજવણી કરવી જોઈએ અને શાંતિપૂર્ણ, સુમેળભર્યા અને



પ્રગતિશીલ ભારતનું નિર્માણ કરવા માટે પોતાને સમર્પિત કરવાનો સંકલ્પ લેવો જોઈએ. ભારતીય બંધારણની પ્રસ્તાવનામાં સમાવિષ્ટ શબ્દો અને ભાવનાને સ્વીકારવાની જરૂર છે, જે 'આપણે ભારતના લોકો' થી શરૂ થાય છે. આ આપણા લોકશાહી અને ગણતંત્રનો સાર છે.

અમદાવાદ સિટી વિભાગના પ્રવર ડાકઘર અધિકારી શ્રી વિકાસ પાલ્વે એ બધાને ગણતંત્ર દિનની હાર્દિક શુભેચ્છાઓ આપવી. તેમના સંબોધનમાં, તેમણે સ્વતંત્ર ભારતમાં ડાક સેવાનો મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો અને દેશમાં વિકાસ અને દેશના એકતામાં તેના મહત્વપૂર્ણ યોગદાનને ઉજાગર કર્યું. તેમણે જણાવ્યું કે, અમદાવાદના તમામ ડાકઘરોમાં 'ડાક ચોપાલ'નો લાભ અહીંના લોકો અને તમામ લાભાર્થીઓથી મળશે.

આ અવસરે, સહાયક નિર્દેશક શ્રી રિતુલ ગાંધી, શ્રી એમ. એમ. શેખ, સિનિયર એકાઉન્ટ અધિકારી શ્રી પંકજ સ્નેહી, સિનિયર પોસ્ટમાસ્ટર શ્રી પી. જે. સોલંકી, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકના ચીફ મેનેજર શ્રી કપિલ મંત્રી, સહાયક ડાક અધિક્ષક શ્રી જીનેશ પટેલ, શ્રી રવિન્દ્ર પરમાર, શ્રી રમેશ પટેલ, શ્રી રોનક શાહ, શ્રી હાર્દિક રાઠોડ, શ્રી હિતેશ પરીખ, શ્રી વિશાલ ચૌહાણ, નિરીક્ષક શ્રી ભાવિન પ્રજાપતિ, શ્રી યોગેન્દ્ર રાઠોડ, પોસ્ટ ફોરમ ના મેમ્બર્સ મિસ કાન્તાબેન. ચાવડા, મિસ રેખાબેન અધવરિયું સહિત તમામ અધિકારીઓ-કર્મચારીઓ અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા અને હર્ષોલ્લાસ સાથે ગણતંત્ર દિવસ ઉજવ્યો.

## સ્ટેચ્યુ ઓફ યુનિટી પર ૭૬માં પ્રજાસત્તાક પર્વની ફીલ્મ કલાકાર આમીર ખાનની ઉપસ્થિતીમાં ઉજવણી

### સ્ટેચ્યુ ઓફ યુનિટીના ચેરમેન અને નર્મદા નિગમના સીએમડી મુકેશ પુરીના હસ્તે ધ્વજવંદન











। (માહિતી) નર્મદા, તા.૨૭ ।

દેશના ૭૬મા પ્રજાસત્તાક દિવસ રાષ્ટ્રીય પર્વની ઉજવણીના ભાગરૂપે સ્ટેચ્યુ ઓફ યુનીટી ખાતે સરદાર સાહેબના સાનિધ્યમાં ધ્વજવંદન સમારોહમાં રાષ્ટ્રભક્તિના અનોખા માહોલ વચ્ચે સ્ટેચ્યુ ઓફ યુનિટીના ચેરમેન અને નર્મદા નિગમના સીએમડી શ્રી મુકેશ પુરીએ રાષ્ટ્રધ્વજ ફરકાવીને ત્રિરંગાને સલામી અર્પી હતી.

આ ખાસ અવસરે ખાસ ફિલ્મ કલાકાર શ્રી આમીર ખાન ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ખાસ દેશ-વિદેશથી પધારેલા પ્રવાસીઓ, આમંત્રિત મહાનુભાવો, પદાધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં શ્રી પુરીએ ગણતંત્ર દિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. શ્રી પુરીએ પરેડનું નિરિક્ષણ કરી કાર્યક્રમમાં ઉપસ્થિતોનું અભિવાદન ઝીલ્યું હતું અને વિશિષ્ટ કામગીરી કરનાર કર્મયોગીઓનું પ્રમાણ પત્ર આપી સન્માન કર્યુ હતુ. આ તકે શ્રી પુરીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીના પરીસરમાં આજના આ પાવન દિવસે રાષ્ટ્રધ્વજ ફરકી રહ્યો છે જે આપણા સૌને ગર્વિત અને ઉત્સાહિત કરે છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનું પ્રતિક છે, સરદાર વલ્લભભાઈ પટેલનું ભારત દેશ માટે અનેરુ યોગદાન રહ્યુ છે, વર્ષ ૧૯૫૦મા આજના દિવસે જ ભારતનું બંધારણ અમલમાં આવ્યુ હતુ, વર્ષ ૧૯૪૭માં ભારત આઝાદ થયો ત્યારે નવા જન્મેલા દેશ સામે સૌથી મોટો પડકાર હતો તમામ રાજયોને એકત્ર કરવાનો અને ભાગલા બાદ અત્રે આવેલ પ્રજાનો પુનઃવસવાટ કરવાનો. સરદાર પટેલ ભારત દેશના પ્રથમ નાયબ પ્રધાનમંત્રી અને પ્રથમ ગૃહ મંત્રી હતા તેઓએ પોતાના સક્રીય પ્રયત્નો થકી ટૂંકા સમયમાં જ રજવાડાઓનું ભારતમાં વિલિનિક-રણ કર્યુ હતુ અને જુનાગઢ અને હૈદ્રાબાદે ભારતમાં જોડાવવા માતે સંમતી ન આપતા સરદાર પટેલ સાહેબે પોતાની આગવી મુસદ્દીગીરી અને દેશની શક્તિ વાપરી ભારતમાં જોડાણ કરાવ્યુ સરદાર પટેલના આ કાર્યોની ઉજવણી કરવા માટે વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા અત્રે ઉભી કરી છે. વધુમાં શ્રી મુકેશ પુરીએ જણાવ્યુ હતુ કે,સ્ટેચ્યુ ઓફ યુનિટીની સ્થાપના બાદ એકતા નગરની આજદિન સુધી કુલ ૨ કરોડ ૪૪ લાખ ૪૫૮ નો ફુટફોલ નોંધાયો છે જે આપણા માટે ગર્વની વાત છે. વર્ષ ૨૦૨૪માં તમામ પ્રવાસીય પ્રકલ્પો પર થઈને લગભગ ૫૦ લાખ ફુટફોલ નોંધાયો છે જે નોંધપાત્ર છે. રાષ્ટ્રીય એકતા દિવસના પર્વની ઉજવણી પર્વે ભારતના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી,વિભિન્ન રાજયોના મુખ્યમંત્રીશ્રીઓ,દેશના આગેવાનો અને ગણમાન્ય અતિથીઓ જેવા કે, માઈક્રોસોફ્ટના સ્થાપક એવા શ્રી બીલ ગેટસ અને ભુતાનના મહારાજા શ્રી મહામહિમ જિગ્મે વાંગચુકની સફળ મુલાકાત આપણા માટે ગર્વની લાગણી પેદા કરે છે. આ ઉપરાંત સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સુરક્ષાની જવાબદારી સંભાળી રહેલ સીઆઈએસસેફની કામગીરીની નોંધ લેતા જણાવ્યુ હતુ કે, એકતા નગર ખાતે આવતા પ્રવાસીઓ પોતાની સાથે લાવેલ અનેક ચીજ વસ્તુ ભુલી જતા હોય છે, ગત વર્ષે આવી સેંકડો વસ્તુઓ આપણા કર્મયોગીઓએ તેને મુળ માલીકોને પરત કરી છે, CISF દ્વારા ગત વર્ષે કુલ ૨૦ લાખ ૬ હજારનો સામાન પરત કરવામાં આવ્યો છે. શ્રી મુકેશ પુરીએ નર્મદા મહાઆરતીનું આકર્ષણ પ્રવાસીઓમાં ખુબ રહ્યુ છે અને નર્મદા મહાઆરતી ઘાટનું પણ વિસ્તરણ કરીને હજી વધુ આકર્ષક બનાવવામાં આવશે તેમ જણાવ્યુ હતુ. આ અવસરે નાંદોદ મતવિસ્તારના ધારાસભ્ય ડૉ. શ્રીમતી દર્શનાબેન દેશમુખ, સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય કારોબારી અધિકારીશ્રી ઉદિત અગ્રવાલ, નાયબ વન સંરક્ષકશ્રી અગ્નિશ્વર વ્યાસ, અધિક કલેકટર સર્વ શ્રી નારાયણ માધુ, શ્રી ગોપાલ બામણીયા, એસઆરપીએફ ના સેનાપતી શ્રી એન્ડ્રૂઝ મેકવાન અને સીઆઈએસએફના ડેપ્યુટે કમાન્ડન્ટ શ્રી અભિષેક શાહુ ઉપસ્થિત રહ્યા હતા.

## જલાલપોર ખાતે જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉલ્લાસભર વાતાવરણમાં ઉજવણી



। (માહિતી) ગાંધીનગર, તા.૨૭ ।

જલાલપોર તાલુકાના મટવાડ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ૭૬મા પ્રજાસત્તાક દિવસની નવસારી જિલ્લા કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. અહીં વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી અર્પણ કરી હતી અને શૌર્યભરી ઉજવણીમાં વિશેષ હાજરી આપી હતી. ધ્વજવંદન બાદ મંત્રીશ્રીએ પરેડનું નિરીક્ષણ કરી સલામી ઝીલી હતી. આ દરમિયાન શ્રી પટેલે હાજર લોકોનું અભિવાદન પણ ઝીલ્યું હતું. પરેડની માર્ચ પાસ્ટ બાદ ૧૨ જેટલા વિવિધ ટેબ્લો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. જેમાં સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને ગુજરાતના વિકાસની ઝાંખી કરાવાઈ હતી. હાજર જનમેદનીને પ્રજાસત્તાક પર્વની હાર્દિક શુભકામનાઓ પાઠવતા વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે કહ્યું હતું કે, આપણો દેશ વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ તરીકે ઊભરી આવ્યો છે. દેશને આઝાદી અપાવનાર સર્વ શહીદોનાં ચરણોમાં તેઓ નતમસ્તક થવાની સાથે બંધારણનાં ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકરને તેમણે હૃદયપૂર્વક વંદન કર્યા હતા. શ્રી પટેલે આ પ્રસંગે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની નેતૃત્વાળી ગુજરાત સરકાર અને શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી ભારત સરકાર ગરીબો અને મધ્યમવર્ગની સરકાર છે. જનભાગીદારી સાથે ગુજરાત અને ભારત વિકાસના નવા આયામો સર કરી રહ્યા છે, તેવું તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું. તેમણે રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ પ્રજાલક્ષી કલ્યાણકારી યોજનાઓ અને તેની સફળતાનો ઉલ્લેખ કરીને આભાર-અભિનંદન ભાવ વ્યક્ત કર્યો હતો. મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વિકસિત ભારતનો રોડ મેપ તૈયાર છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વિકસિત ગુજરાતના રોડમેપ થકી આપણે દેશના વિકાસની આગેવાની કરી રહ્યા છે, ત્યારે નવસારીને સતત પ્રયત્નશીલ રહેવા માટે શ્રી પટેલે સૌને આહ્વાન કર્યું હતું. રાષ્ટ્રસેવામાં યોગદાન આપવાની હાકલ કરીને તેમણે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશનો સુવર્ણકાળ ચાલી રહ્યો હોવાનું જણાવ્યું હતું.

## એકતાનગરમાં સરદાર સાહેબની વિશાળ પ્રતિમા નિહાળી અભિનેતા આમિર ખાન અભિભૂત



। (માહિતી) નર્મદા, તા.૨૭ ।

વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા જોઇ આમિર ખાનના રૂંવાટા ઉભા થઇ ગયા, મોર્ડર્ન સ્થળ બનાવવા બદલ વડાપ્રધાનશ્રીનો આભાર માન્યો એસઓયુ પરિસરમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં સહભાગી થઇ આમિર ખાને રાષ્ટ્રધ્વજને સલામી આપી દેશના દરેક નાગરિકોએ એસઓયુની મુલાકાત અવશ્ય લેવી જોઇએ, સરદાર સાહેબમાં થી પ્રેરણા અને દિશા મળે છે એકતાનગર સ્થિત સરદાર સાહેબની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાના સાંનિધ્યમાં ઉજવાયેલા ૭૬માં પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં બોલિવૂડના જાણીતા અભિનેતા શ્રી આમિર ખાન સહભાગી બન્યા હતા. તેમણે સ્ટેચ્યુ ઓફ યુનિટીના સમગ્ર પરિસરની મુલાકાત લઇ સરદાર સાહેબને ભાવવંદના કરી હતી. ખાદીના ફેશનેબલ વસ્ત્રો ધારણ કરી આવેલા આમિર ખાને સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં ચેરમેન શ્રી મુકેશ પૂરીના હસ્તે થયેલા ધ્વજવંદનમાં સહભાગી બની રાષ્ટ્રધ્વજને સન્માનપૂર્વક સલામી આપી હતી. ઉજવણીમાં ભાગ લઇ રહેલા સીઆઇએસએફની પ્લાટૂન સાથે તેમણે તસવીરો પણ ખેંચાવી હતી. તેઓ તેમના ચાહકોને પણ મળ્યા હતા. બાદમાં તેઓ પ્રદર્શન ગેલેરી નિહાળવા માટે પહોંચ્યા હતા. જ્યાં તેમણે ભારતના એકીકરણ અને તેમાં પડેલી મુશ્કેલીઓને સરદાર સાહેબે કુનેહપૂર્વક તેને કેવી રીતે પાર પાડી હતી, તે સહિતની બાબત જાણી હતી. આ ઉપરાંત વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાનું કેવી રીતે નિર્માણ થયું ? એની માહિતી શ્રી ખાનને આપવામાં આવી હતી. અહીં તેમણે એકતા સંકલ્પ પણ લીધો હતો. તેમણે વ્યુઇંગ ગેલેરીમાં થી સરદાર સરોવર ડેમને પણ નિહાળ્યો હતો. આ તકે એસઓયુ પરિસરના અધિકારીઓ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી આમિર ખાને પરિસર સ્થળમાં બેસી સરદાર સાહેબના જીવની ઉપરના પુસ્તકનું વાંચન કર્યું હતું. તેમણે પિંક રિક્ષામાં બેસી વિશ્વ વનની મુલાકાત લીધી હતી અને અહીં તેમણે કેસુડાનો છોડ રોપ્યો હતો. વિશ્વ વન પરિસરમાં તેમને ખાટી ભિંડીનું સરબત, બાજરી અને મકાઇના થેપલા, મકાઇના મુઠિયા અને ચૂરમાના લાડુનું ભોજન પીરસવામાં આવ્યું હતું. માધ્યમો સાથેની વાચચીતમાં શ્રી આમિર ખાને પોતાની લાગણી વ્યક્ત કરતા કહ્યું કે, ભારતમાં પ્રાચીન સ્થળો તો અનેક છે, પણ આવું મોર્ડન સ્થળ પ્રથમ વખત જોયું છે. રાષ્ટ્રીય પર્વના દિવસે જ અહીં આવી શક્યો એ માટે મારી જાતને ભાગ્યશાળી માનું છું અને સરદાર સાહેબને વંદન કરૂ છું. આવી વિશાળ પ્રતિમાને સાકાર કરવા બદલ હું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનો આભાર માનું છું. આ પ્રતિમાને પહેલી વખત જોઇ ત્યારે રોમાંચિત થઇ ગયો હતો અને મારા રૂંવાટા ઉભા થઇ ગયા હતા. દેશના દરેક વ્યક્તિએ આ સ્થળની મુલાકાત અવશ્ય લેવી જોઇએ. મારા દાદા મૌલાના આઝાદ પણ એક સ્વાતંત્ર્ય સેનાની હતા. આઝાદી માટે દેશના નાગરિકોએ કેવા સંઘર્ષો કર્યા, તેનો ખ્યાલ આ પરિસરની મુલાકાતથી આવી શકે છે. હું મારા બાળકોને લઇ ફરી અહીં આવીશ. અહીંની મુલાકાતથી સરદાર સાહેબ વિશે જાણવા, વાંચવા મળશે અને તેનાથી પ્રેરણા, નવી દિશા મળે છે. તેમણે વધુમાં જણાવ્યું કે, અહીંનું વાતાવરણ અદભૂત છે. હું આ વિસ્તારમાં ઘણી વખત આવી ચૂક્યો છું.

## મંત્રી કુંવરજીભાઈ હળપતિની ઉપસ્થિતિમાં દુધધારા ડેરી ગ્રાઉન્ડ ભોલાવ ભરૂચ ખાતે જિલ્લાકક્ષાના ૭૬ માં પ્રજાસત્તાક પર્વની ઉત્સાહભેર ઉજવણી કરાઇ

। (માહિતી) સુરત, તા.૨૭ ।

સ્વાતંત્ર્ય વીરો અને સંતોની તપોભૂમિ તરીકે ઓળખ ધરાવતાં ભરૂચ શહેરના ભોલાવ સ્થિત દૂધધારા ડેરીના ગ્રાઉન્ડના આંગણેથી આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ વિભાગના રાજયકક્ષાના મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિની ઉપસ્થિતિમાં જિલ્લાકક્ષાના ૭૬માં પ્રજાસત્તાક પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. પોલીસ બેન્ડ દ્વારા રાષ્ટ્રભક્તિની સુરાવલીઓ વચ્ચે મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિએ પરેડનું નિરિક્ષણ કરી સલામી ઝીલી હતી. મંત્રીશ્રીએ, રાષ્ટ્રધ્વજને સલામી આપ્યા



બાદ દેશની આઝાદીમાં ભારતના સપૂતોએ આપેલ બલિદાન ક્યારેય ભૂલી ન શકાય તે માટે સદાય ઋણી રહેશે તેમ જણાવી સ્વાતંત્ર્યવીરોને આદરપૂર્વક શ્રધ્ધાંજલી અર્પી હતી. મંત્રીશ્રીએ, પ્રજાસત્તાક પર્વની સૌને શુભકામનાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધી, સરદાર પટેલ, સુભાષચંદ્ર બોઝ અને ડો.બાબાસાહેબ આંબેડકર જેવા અનેક મહાપુરુષોથી માંડીને નાનામાં નાના નાગરિકોએ રાષ્ટ્ર-નિર્માણમાં મહત્વનું યોગદાન આપ્યું છે. આ તમામ પ્રત્યે તેમણે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. મંત્રીશ્રીએ કહ્યું કે, આજના પાવન પર્વે આપણે બંધારણ અપનાવ્યું હતું. આપણું બંધારણ એક જીવંત અને પ્રગતિશીલ દસ્તાવેજ છે. આપણા દૂરંદેશી બંધારણ-નિર્માતાઓએ બદલાતા સમયની જરૂરિયાતોને અનુરૂપ નવા વિચારો અપનાવવાની વ્યવસ્થા પૂરી પાડી હતી. આપણે બંધારણ દ્વારા સામાજિક ન્યાય અને સર્વસમાવેશી વિકાસ સાથે સંબંધિત ઘણા મહત્વકાંક્ષી લક્ષ્યાંકો પ્રાપ્ત કર્યા છે. આપણું બંધારણ આપણા લોકશાહી પ્રજાસત્તાકનો મજબૂત પાયો છે. બંધારણની પ્રસ્તાવનામાં રજૂ થયેલા આદર્શો એકબીજાના પૂરક છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

ન્યૂઝ બ્રિફ

## Covid-19 મુદ્દે CIAના દાવાથી ખળભળાટ મચ્યો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૭ ।

અમેરિકન ગુપ્તચર એજન્સી સીઆઈએ તાજેતરમાં ચોંકાવનારો દાવો કર્યો છે. કોરોના મહામારીને લઈ હંમેશાં ચીન પર સવાલો કરવામાં આવી રહ્યા છે ત્યારે તાજેતરમાં સીઆઈએએ કરેલા નવા રિપોર્ટમાં કોરોના વાઈરસ ફેલાવા માટે ચીન પર કળશ ઢોળવામાં આવ્યો છે.સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી (સીઆઈએ) એ બાઈડેન પ્રશાસનના આદેશ અન્વયે રિપોર્ટ તૈયાર કર્યો હતો. આ રિપોર્ટને આજે જાહેર કરવામાં આવ્યો હતો, જેમાં ચીનની લેબોરેટરીમાંથી વાઈરસ ફેલાયો હોવાની શંકા વ્યક્ત કરી હતી. જોકે, એજન્સીએ એના મુદ્દે કોઈ નક્કર પુરાવાઓ આપ્યા નથી અને નક્કર રિપોર્ટમાં કોઈ સ્પષ્ટતા કરી નથી. સીઆઈએએ તેના રિપોર્ટમાં જણાવ્યું છે કે કોરોનાના ફેલાવા માટે કોઈ પ્રાણી જવાબદાર નથી, પરંતુ ચીનની લેબોરેટરીમાં લીક થયેલ વાયરસ જવાબદાર છે. એજન્સીવતીથી જણાવાયું છે કે આ વાયરસ કુદરતી રીતે ફેલાવવાની સંભાવના ઓછી છે, કારણ કે રિસર્ચ વખતે કરવામાં આવેલી ભૂલને કારણે મહામારી ફેલાઈ છે. ચીને અગાઉ પણ આ દાવાને ફગાવ્યો હતો.

## ડોનાલ્ડ ટ્રમ્પે બાંગ્લાદેશને આપ્યો ઝટકો

। (એજન્સી) ઢાકા, તા.૨૭ ।

બાંગ્લાદેશમાં સત્તા પલટો થયા પછી હિંદુઓ પર અત્યાચાર અને ભારત સામે શિંગડા ભરાવનારા મોહમ્મદ યુનુસની વચગાળાની સરકારને તાજેતરમાં અમેરિકન પ્રશાસન તરફથી ચોંકાવનારો નિર્ણય લેવામાં આવ્યો છે, જેનાથી યુનુસ સરકારની ઊંઘ પણ હરામ થઈ શકે છે. મીડિયાના અહેવાલ પ્રમાણે ડોનાલ્ડ ટ્રમ્પના એક નિર્ણયથી મુહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની બાંગ્લાદેશ સરકારને મોટો ઝટકો આપ્યો છે. અમેરિકાએ બાંગ્લાદેશ સરકારને તમામ સહાય બંધ કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણયથી બાંગ્લાદેશને વધુ મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. અમેરિકાએ બાંગ્લાદેશને આપવામાં આવતી તમામ પ્રકારની સહાય બંધ કરી દીધી છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ બાદ USAIDએ બાંગ્લાદેશમાં તમામ કામ બંધ કરી દીધા છે. ૨૫ જાન્યુઆરીના રોજ જારી કરવામાં આવેલા એક પત્રમાં USAIDએ તેના ભાગીદારોને તમામ કરારો, અનુદાન અને સહાય કાર્યક્રમો તાત્કાલિક બંધ કરવા જણાવ્યું હતું.

## મુક્ત કરાએલી ચાર ઇઝરાયેલી મહિલાઓએ હમાસનો આભાર માન્યો

। (એજન્સી) તેલ અવિવ, તા.૨૭ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ગાઝા યુદ્ધ વિરામ અંગે કરાર કરવામાંઆવ્યા છે. કરાર મુજબ બંને તરફથી બંધકોને છોડવામાં આવી રહ્યા છે. હમાસની આર્મ્સ વિંગ અલ કાસમ બ્રિગેડે શનિવારે ચાર ઈઝરાયલી મહિલા બંધકોને મુક્ત કરી હતી. એક જાહેર ઈવેન્ટમાં ચારેય મહિલા કેદીઓને રેડક્રોસને સોંપવામાં આવી હતી. આ દરમિયાનના વિડીયોમાં ચારેલ મહિલા કેદીઓ ખુબ જ ખુશ દેખાઈ રહી છે અને તેમનું સ્વસ્થ પણ સારું દેખાઈ રહ્યું છે. ચારેય મહિલા કેદીઓ સારા વ્યવહાર અને દેખરેખ માટે હમાસનો આભાર પણ માન્યો હતો. X પર શેર કરવામાં આવેલા એક વિડીયોમાં દેખાય છે કે ચારેય મહિલા સૈનિકોઓ એક કારની અંદર બેઠી છે અને અરબી ભાષામાં વાત કરી રહી છે. મહિલા સૈનિકોએ અલ-કાસમ બ્રિગેડ તરફથી સારા વર્તન અને ઈઝરાયેલી એર સ્ટ્રાઈકથી તેમને બચાવવા પ્રશંસા કરી. એકે મહિલા સૈનિકે કહ્યું કે, “સલામ અલયકુમ, શાંતિ બની રહે. સારા વર્તન માટે અલ-કાસમ બ્રિગેડનો આભાર,” બીજી મહિલા સૈનિકે કહ્યું, “ફૂડ, ડ્રીંક અને કપડાં માટે આભાર”.ત્રીજી મહિલાએ કહ્યું, “જે યુવાનોએ અમારી સંભાળ રાખી અને (ઈઝરાયેલના) બોમ્બ વિસ્ફોટથી અમને બચાવ્યા તેમનો આભાર.”ચોથી મહિલા સૈનિકે કહ્યું, “આજે દિવસ ખુશીનો દિવસ છે, બેસ્ટ દિવસ, અને અમે એકદમ સ્વસ્થ છીએ.”

# મહારાષ્ટ્રમાં હાલ ગુલિયન બેરે સિન્ડ્રોમ હાહાકાર મચાવી રહ્યો છે

## મહારાષ્ટ્ર સ્વાસ્થ્ય વિભાગે જણાવ્યું કે ગુલિયન બેરે સિન્ડ્રોમ (GBS)ના કારણે પુણેમાં પહેલું મોત નોંધાયું

। (એજન્સી) મુંબઈ, તા.૨૭ ।

મહારાષ્ટ્ર સ્વાસ્થ્ય વિભાગે જણાવ્યું કે ગુલિયન બેરે સિન્ડ્રોમ (GBS)ના કારણે પુણેમાં પહેલું મોત નોંધાયું છે. ૨૮ અન્ય લોકોને સંક્રમણ થયું છે અને ત્યારબાદ અત્યાર સુધીમાં ૧૦૧ લોકો આ બીમારીથી પીડિત છે. સ્ટેફી થેવરના રિપોર્ટના દૈનિક બુલેટિનમાં કહેવાયું છે કે સંદિગ્ધ GBS મોત સોલાપુરમાં થયું છે. પરંતુ વિસ્તૃત જાણકારી આપવામાં આવી નથી. આ દુર્લભ બીમારીથી પીડત ૧૬ દર્દીઓ હાલ વેન્ટિલેટર



સપોર્ટ પર છે. લક્ષણોવાળા લગભગ ૧૯ લોકો નવ વર્ષથી ઓછી ઉંમરના છે. જ્યારે ૫૦-૮૦ વર્ગના ૨૩ કેસ છે. રિપોર્ટ મુજબ ૯ જાન્યુઆરીના રોજ હોસ્પિટલમાં દાખલ એક દર્દીને પુણે ક્લસ્ટરની અંદર પહેલો GBS કેસ હોવાની શંકા જાગી. પરીક્ષણોથી હોસ્પિટલમાં દાખલ દર્દીમાંથી લેવાયેલા કેટલાક જૈવિક નમૂનાઓમાં કેમ્પિલોબેક્ટર જેજુની બેક્ટેરિયા હોવાની જાણકારી મળી છે. સી જેજુની દુનિયાભરમાં જીબીએસના લગભગ એક તૃતિયાંશ કેસોનું કારણ બને છે અને સૌથી ગંભીર સંક્રમણો માટે પણ જવાબદાર છે. અધિકારીઓ પુણેના પાણીના નમૂના લઈ રહ્યા છે. ખાસ કરીને એવા વિસ્તારોમાં જ્યાં સૌથી વધુ મામલા સામે આવી રહ્યા છે. શનિવારે કરાયેલા પરીક્ષણોના પરિણામોથી જાણવા મળ્યું છે કે પુણેના મુખ્ય જળાશય ખડકવાસલા બંધ પાસે એક કૂવામાં બેક્ટેરિયા ઈ.કોલીનું ઉચ્ચ સ્તર હતું. પરંતુ અધિકારીઓએ કહ્યું કે એવું સ્પષ્ટ નથી કે કૂવાનો ઉપયોગ થઈ રહ્યો હતો કે નહીં. રહીશોને સલાહ આપવામાં આવી છે કે તેઓ પાણીને ઉકાળે અને ખાતા પહેલા પોતાના ભોજનને ગરમ કરે. સ્વાસ્થ્ય વિભાગના અધિકારીઓના જણાવ્યાં મુજબ નિગરાણી અભ્યાસ હેઠળ રવિવાર સુધી ૨૫,૫૭૮ ઘરોનું સર્વેક્ષણ કરાયું હતું. જેનો હેતુ સમુદાયની અંદર વધુ રોગીઓને શોધવા અને જીબીએસના કેસોમાં વધારાનું કારણ જાણવાનું હતું જે પહેલા મહિનામાં બે કે તેનાથી વધુ નહતા. જીબીએસની સારવાર ખુબ મોંઘી છે, દરેક ઈન્જેક્શનની કિંમત ૨૦,૦૦૦ રૂપિયા છે. જીબીએસ ત્યારે થાય છે જ્યારે શરીરની ઈમ્યુનિટી સિસ્ટમ, જીવાણુ કે વાયરલ સંક્રમણ પર પ્રતિક્રિયા કરતી વખતે ભૂલથી એવી નસો પર હુમલો કરે છે જે માથાના સંકેતોને શરીરના કેટલાક ભાગો સુધી લઈ જાય છે.



મહાકુંભમાં સીએમ યોગી આદિત્યનાથે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને ચાંદીનો કલશ અર્પણ કર્યો.

### રાહુલ ગાંધી સામે ફરિયાદ

## નેતાજી સુભાષચંદ્ર બોઝના મૃત્યુના પોસ્ટર મામલે વિવાદ

।(એજન્સી) કોલકત્તા, તા. ૨૭।

ગત ૨૩ જાન્યુઆરીએ નેતાજી સુભાષ ચંદ્ર બોઝને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપતી વખતે વિવાદાસ્પદ પોસ્ટ કરવા બદલ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ FIR દાખલ કરવામાં આવી છે. આ FIR દક્ષિણ કોલકાતાના ભવાનીપુર પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી છે. જેમાં રાહુલ ગાંધીની પોસ્ટમાં નેતાજીના મૃત્યુની તારીખનો ઉલ્લેખ કરવાની ફરિયાદ કરવામાં આવી છે. આ ફરિયાદ સ્વયં ઘોષિત હિન્દુત્વ જૂથ અખિલ ભારતીય હિન્દુ મહાસભા દ્વારા કરવામાં આવી છે. જૂથના કાર્યકર્તાઓએ દક્ષિણ કોલકાતાના એલ્ગિન રોડ પર નેતાજીના પૈતૃક ઘર પાસે પણ પ્રદર્શન કર્યું હતું. વિરોધીઓએ રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવેલી વિવાદાસ્પદ પોસ્ટની સામગ્રી સામે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. અખિલ ભારતીય હિંદુ મહાસભાના પ્રદેશ અધ્યક્ષ ચંદ્રચુડ ગોસ્વામીએ કહ્યું કે રાહુલ ગાંધી એ જ વારસાને આગળ વધારી રહ્યા છે જેણે પહેલા નેતાજીને કોંગ્રેસ છોડવા અને બાદમાં દેશ છોડવા મજબૂર કર્યા હતા. ગોસ્વામીએ આરોપ લગાવ્યો કે રાહુલ ગાંધી અને તેમના પરિવારે હંમેશા ભારતના લોકોની યાદોમાંથી નેતાજીની યાદોને ભૂંસી નાખવાનો પ્રયાસ કર્યો છે અને આ વખતે પણ તેમણે નેતાજી વિશે ખોટી માહિતી ફેલાવવાનો પ્રયાસ કર્યો છે.

### ખડગેએ ગૃહમંત્રી અમિત શાહ પર આકરા પ્રહારો કર્યા

## શું ગંગામાં ડૂબકી મારવાથી ગરીબી દૂર થઈ જશે : કોંગ્રેસ

### મોદી-શાહ અમને ગાળો આપે છે : આ લોકોને બોધપાઠ ભણાવવા આપણે એકજૂટ થવુ પડશે : કોંગ્રેસ અધ્યક્ષ

। (એજન્સી) મહુ, તા.૨૭ ।

મધ્ય પ્રદેશના મહુમાં બંધારણ રેલીને સંબોધિત કરતાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહ પર આકરા પ્રહારો કર્યા છે. ખડગેએ મહાકુંભમાં અમિત શાહના ગંગા સ્નાન પર પણ ટીખળ કરતાં કહ્યું કે, શું ગંગામાં ડૂબકી મારવાથી ગરીબી દૂર થશે? મલ્લિકાર્જુન ખડગેએ રેલીને સંબોધિત કરતાં શરૂઆતમાં જ સૌની માફી માગ્યા બાદ ટીકાઓ અને આક્ષેપોનો વરસાદ કર્યો હતો. તેમણે કહ્યું કે, મોદી-શાહ અમને ગાળો આપે છે. આઝાદીની લડાઈમાં તેમણે બલિદાન આપ્યું નથી. આ લોકોને બોધપાઠ ભણાવવા આપણે એકજૂટ થવુ પડશે. જો તમામ લોકો આંબેડકર બની જશે તો ભાજપ સરકારનો પાયો ડગમગી જશે. તેઓ આપણા બાળકોને ઘોડા પર ચડવા દેતા નથી. ધર્મના નામે ગરીબોનું શોષણ અને લૂંટફાટ મચાવી છે. જે અમે ક્યારેય ચલાવી લઈશુ નહીં. વધુમાં ખડગેએ કહ્યું કે, શું ગંગામાં ડૂબકી મારવાથી ગરીબી દૂર થશે? તેઓ બધાને મૂર્ખ બનાવી રહ્યા છે. બાળકોના પેટમાં ભોજન પણ હોવુ જોઈએ. હું કોઈની આસ્થાને દુભાવવા માગતો નથી. કોઈને દુઃખ થયુ હોય તો હું માફી માગું છું. પણ એકબાજુ ઘણાં બાળકો ભૂખ્યા છે, રોજગારી મળી રહી નથી. અને તેઓ કરોડો રૂપિયા ખર્ચી ગંગામાં ડૂબકી લગાવી રહ્યા છે. મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું કે, આપણે સાંપ્રદાયિકતાના તે વિષયને નષ્ટ કરી દેવો જોઈએ, જેણે યુગ પુરુષની હત્યા કરી. ગાંધીજીની હત્યા પર સમારોહ કરનારા લોકોને ભારતીય કહેવાનો કોઈ હક નથી. આરએસએસ અને ભાજપ પોતે દેશદ્રોહી છે.

### ‘મારું જીવન બરબાદ કરી નાખ્યું’

## સૈફ ખાન પર હુમલા મામલે પકડાયેલા છત્તીસગઢના શંકાસ્પદનું દર્દ છલકાયું

### ૧૯મી જાન્યુઆરીએ, મુંબઈ પોલીસ દ્વારા થાણેના પાડોશી વિસ્તારમાંથી બાંગ્લાદેશી નાગરિક શરીફુલ ઇસ્લામની ધરપકડ કરવામાં આવી હતી

। (એજન્સી) મુંબઈ, તા.૨૭ ।

બોલિવૂડ અભિનેતા સૈફ અલી ખાન પર થયેલા હુમલાના શંકાસ્પદ તરીકે છત્તીસગઢના દુર્ગમાં અટકાયત કરાયેલા આકાશ કનૌજિયા નામના વ્યક્તિએ પોતાનું દુઃખ વ્યક્ત કર્યુ છે. તેમણે ન્યાયની પણ માંગણી કરી છે. આકાશે રવિવારે (૨૬મી જાન્યુઆરી) જણાવ્યું કે, ‘પોલીસ કાર્યવાહી પછી મારૂ જીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે, મારી પાસે કોઈ નોકરી નથી અને પરિવાર બદનક્ષીનો સામનો કરી રહ્યો છે.’અહેવાલો અનુસાર, મુંબઈ પોલીસની સૂચનાના આધારે, રેલવે પ્રોટેક્શન ફોર્સએ ૧૮મી જાન્યુઆરીના રોજ દુર્ગ સ્ટેશન પર મુંબઈ લોકમાન્ય તિલક ટર્મિનસ-કોલકાતા શાલીમાર જ્ઞાનેશ્વરી એક્સપ્રેસમાંથી ૩૧ વર્ષીય આકાશ કનોજિયાને અટકાયતમાં લીધો હતો. ૧૯મી જાન્યુઆરીની સવારે, મુંબઈ પોલીસે થાણેના પાડોશી વિસ્તારમાંથી બાંગ્લાદેશી નાગરિક શરીફુલ ઈસ્લામની ધરપકડ કરી હતી, ત્યારબાદ દુર્ગ આરપીએફે આકાશ કનોજિયાને છોડી દીધો હતો. મીડિયા સાથેની વાતચીતમાં આકાશ કનોજિયાએ જણાવ્યું હતુ કે, “જ્યારે મીડિયાએ મારા ફોટા બતાવવાનું શરૂ કર્યુ અને દાવો કર્યો કે હું આ કેસમાં મુખ્ય શંકાસ્પદ છું ત્યારે મારો પરિવાર આઘાત પામ્યો અને રડી પડ્યો. મુંબઈ પોલીસની એક ભૂલે મારું જીવન બરબાદ કરી દીધું. તેઓ એ વાત પર ધ્યાન આપ



વામા નિષ્ફળ ગયા કે મારી મૂછો છે અને અભિનેતાના મકાનમાં સીસીટીવી ફૂટેજમાં દેખાતા માણસની મૂછ નહોતી.”તેમણે દાવો કર્યો કે, ‘ઘટના પછી, મને પોલીસનો ફોન આવ્યો અને તેઓએ મને પૂછ્યું કે હું ક્યાં છું. જ્યારે મેં તેમને કહ્યું કે હું ઘરે છું, ત્યારે ફોન કાપી નાખવામાં આવ્યો. હું મારી થનારી દુલ્હનને મળવા જઈ રહ્યો હતો. જ્યારે મને દુર્ગમાં અટકાયતમાં લેવામાં આવ્યો અને પછી રાયપુર લઈ જવામાં આવ્યો. ત્યાં પહોંચેલી મુંબઈ પોલીસની ટીમે મને પણ માર માર્યો.’ઉલ્લેખનીય છે કે, ૧૫મી જાન્યુઆરીની રાત્રે, મુંબઈના બાંદ્રા વિસ્તારમાં સતગુરુ શરણના ૧૨મા માળે સ્થિત અભિનેતા સૈફ અલી ખાનના નિવાસસ્થાને લૂંટના પ્રયાસ દરમિયાન, એક વ્યક્તિએ તેમના પર છરીથી હુમલો કર્યો હતો.

## ‘આપની નવી સરકારમાં મનીષ સિસોદિયા ડેપ્યુટી સીએમ બનશે’

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

‘આપની નવી સરકારમાં મનીષ સિસોદિયા ડેપ્યુટી સીએમ બનશે’, ચૂંટણી પહેલા કેજરીવાલની મોટી જાહેરાતઅરવિંદ કેજરીવાલે જંગપુરામાં ચૂંટણી પ્રચાર દરમિયાન કહ્યું હતું કે આમ આદમી પાર્ટીની નવી સરકારમાં મનીષ સિસોદિયા ડેપ્યુટી સીએમ બનશે.દિલ્હીમાં ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. અહીં ૫ ફેબ્રુઆરીએ મતદાન થવાનું છે, રાજકીય પક્ષો આ માટે પોતાની સંપૂર્ણ તાકાત લગાવી રહ્યા છે, આ ક્રમમાં દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે એક મોટી જાહેરાત કરી છે. જંગપુરામાં ચૂંટણી પ્રચાર દરમિયાન તેમણે કહ્યું કે આમ આદમી પાર્ટીની નવી સરકારમાં મનીષ સિસોદિયા ડેપ્યુટી સીએમ બનશે.કેજરીવાલે કહ્યું કે મનીષ સિસોદિયા મારા સેનાપતિ, નાના ભાઈ અને સૌથી પ્રિય છે. દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સરકાર બની રહી છે. બધા કહી રહ્યા છે કે જો આમ આદમી પાર્ટીને ૨-૪ બેઠકો ઓછી મળે તો પણ સરકાર આમ આદમી પાર્ટીની જ બનશે.

### તૈયાર થઈ જાવ મોંઘવારીના માર માટે!

## સાબુથી લઈને ડીશ વોશ અને ચા બધાની કિંમતમાં થઈ શકે છે વધારો

### બજેટ પહેલાં જ સામાન્ય માણસને ઝટકો લાગી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

આગામી દિવસોમાં, સામાન્ય માણસનું રસોડાનું બજેટ મોંઘું થઈ શકે છે, કારણ કે FMCG કંપનીઓ ચા, સાબુ અને બોડી વૉશ સહિતની કેટલીક પ્રોડક્ટ્સની કિંમતો વધારી શકે છે. વાસ્તવમાં, કોમોડિટીના ભાવમાં અસ્થિરતાને કારણે ફાસ્ટ-મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્સ કંપનીઓએ આ સામાનના ભાવ વધરાવા અંગે ચેતવણી આપી છે. ફૂડ પામ ઓયલ જેનો ઉપયોગ સાબુ, શેમ્પૂ, ડિટર્જન્ટ, સૌંદર્ય પ્રસાધનો અને ખાદ્ય ઉત્પાદનોમાં કરવામાં આવે છે. તેના ભાવમાં સતત અસ્થિરતા જોવા મળે છે. પામ ઓઈલના ભાવમાં વધારાને કારણભૂત જણાવીને કંપનીઓએ દૈનિક ઉપરાશની વસ્તુઓના ભાવમાં વધારો કરવાની યોજના જણાવી રહી છે. દેશની સૌથી મોટી FMCG



કંપની હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ (HUL) એ તેના ત્રીજા ક્વાર્ટરના પરિણામો રજૂ કર્યા છે. જેમાં કંપનીએ જણાવ્યું કે ડિસેમ્બર ક્વાર્ટરમાં પામ ઓઈલના ભાવ વાર્ષિક ધોરણે ૪૦% વધ્યા છે. ચાના ભાવ વાર્ષિક ધોરણે ૨૪% વધ્યા હતા, પરંતુ તે જ સમયગાળામાં ક્રમિક રીતે ૭% ઘટ્યા હતા. એચયુએલ અને ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડ (જીસીપીએલ) જેવી કંપનીઓએ ડિસેમ્બર ક્વાર્ટરમાં પહેલેથી જ કિંમતોમાં વધારો કર્યો છે. તેમજ ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ જે હેર કલર અને હેન્ડ વોશ સિવાય સિન્થોલ અને ગોદરેજ સોપ બનાવે છે, તેણે કહ્યું કે તે કાચા માલની વધતી કિંમતોને પહોંચી વળવા માટે તેના વોશિંગ ઉત્પાદનોના ભાવમાં ફેરફાર કરવા જઈ રહી છે. આ સિવાય હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ (HUL) એ કહ્યું કે કેટલાક સામાનની કિંમતો અગાઉ વધી છે અને તે આગળ વધી શકે છે. બીજી તરફ, ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડે તેના ત્રિમાસિક પરિણામોમાં જણાવ્યું હતું કે, “પામ ડેરિવેટિવ્ઝમાં ફુગાવાને કારણે કંપની ખર્ચના દબાણ હેઠળ રહે છે; “સમગ્ર પોર્ટફોલિયોમાં ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે, જેના કારણે કંપનીના માર્જિન આગામી કેટલાક મહિનાઓ સુધી દબાણ હેઠળ રહેશે.”

### ગુજરાત બોર્ડર પરથી મળી આવ્યું

## ચોરી થયેલું ડમ્પર પાછું મળી જતાં માલિકે આખા ગામમાં ડીજે વગાડી મીઠાઈ વહેંચી

### મધ્ય પ્રદેશના સાગર જિલ્લામાં સિરંજામાંથી ૧૭ જાન્યુઆરીએ રેતી ભરેલું ડમ્પર ચોરી થઈ ગયું હતું

। (એજન્સી) સાગર, તા.૨૭ ।

બુંદેલખંડના સાગરમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં ચોરી થયેલ ડમ્પર જ્યારે માલિકને પાછું મળ્યું તો તેના ખુશીનું ઠેકાણું ન રહ્યું. પોલીસ સ્ટેશનથી તે તેના ગામ સુધી ઢોલ નગારા, બેન્ડ વાજા અને ડીજે સાથે જુલૂસ કાઢતા આવ્યો. એટલું જ નહીં તેણે ડમ્પર પર ફૂલો લગાવી દુલ્હનની માફક સજાવ્યું હતું. ગામમાં પણ કેટલાય લોકો તેની સાથે આવ્યા હતા. જે ડીજે પર નાચતા ડમ્પરની આગળ પાછળ ચાલી રહ્યા હતા. સાથે જ એક ફોર વ્હીલર ગાડીઓનો કાફલો પણ તેમાં શામેલ હતો. ત્યારબાદ જ્યારે ડમ્પર ઘરે પહોંચ્યું તો, મહિલાઓએ તેની પૂજા કરી, આરતી ઉતારી અને મીઠાઈ પણ વહેંચી. હકીકતમાં જોઈએ તો, મધ્ય પ્રદેશના સાગર જિલ્લામાં સિવિલ



લાઈન પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં સિરંજામાંથી ૧૭ જાન્યુઆરીના રોજ રેતી ભરેલું ડમ્પર ચોરી થઈ ગયું હતું. પણ તેના ડ્રાઈવરે સિવિલ લાઈન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી અને પેટ્રોલ પંપ પાસે રાત્રે ડમ્પર લગાવ્યું હતું. પણ સવારે થતાં ડમ્પર ગાયબ થઈ ગયું હતું. ત્યારબાદ પોલીસે તેની તપાસ શરૂ કરી, તો તેનું લોકેશન, માલ્થોન ટોલ ટેક્સ પર મળ્યું. ચોરે તેનું જીપીએસ સિસ્ટમ તોડીને અલગ કરી નાખ્યું હતું. પોલીસે તેના આધાર પર તપાસ કરી હતી અને ગુજરાત બોર્ડર પરથી મળી આવ્યું. ૨૩ જાન્યુઆરીના રોજ ગુજરાત બોર્ડર પર ડમ્પર લઈને પોલીસ સાગર પાછી ગઈ હતી. બાદમાં કાયદાકીય કાર્યવાહી કરતા માલિક દયાલ આહિરવારને તે પરત કરી દીધું. એક અઠવાડિયા બાદ ખોવાયેલું ડમ્પર મળી આવતા માલિકને ખૂબ ખુશી થઈ. તેના કારણે તેમણે જુલૂસ કાઢ્યું હતું. શિવ દયાલ આહિરવારે જણાવ્યું કે, સિવિલ લાઈન પોલીસ દ્વારા ખૂબ જ સરાહનીય કામ કર્યું છે. એક તો એ કે મારુ ચોરી થયેલું ડમ્પર પાછું મળ્યું અને બીજું કે લોકોમાં પોલીસના કામ પ્રત્યે વિશ્વાસ વધારે ગાઢ થયો. કે કેવી રીતે ચોરી થયેલી વસ્તુ ગણતરીના દિવસોમાં પાછી લાવી દીધી.

## તંત્રી લેખ...

# મૌની અમાવસ્યાએ ૧૦ કરોડ ભાવિકો સ્નાન કરશે

પ્રયાગરાજમાં યોજાઈ રહેલા મહાકુંભમાં રોજેરોજ લાખો શ્રદ્ધાળુ 'પવિત્ર સ્નાન'નું પુણ્ય મેળવી રહ્યા છે ત્યારે વહીવટી તંત્રએ ગંગાને સ્વચ્છ રાખવા માટે પણ ભગીરથ પ્રયાસ કર્યા છે. સંગમ તટના જળની શુદ્ધતા માટે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ નદીના પાણીનું રોજ પરીક્ષણ (સેમ્પલ ટેસ્ટિંગ) કરે છે. ઉપરાંત, ગંગાના પાણીમાં પધારાવાયેલા ફૂલો અને પૂજા સામગ્રીને ૨૦૦ કિમી.ની કામચલાઉ ડ્રેનેજ સિસ્ટમ દ્વારા નદીના પાણીથી અલગ કરવામાં આવે છે.દર ૧૨ વર્ષે યોજાતા મહાકુંભમાં આઠ કરોડથી વધુ શ્રદ્ધાળુ 'પવિત્ર ડૂબકી' લગાવી ચૂક્યા છે. ૨૯ જાન્યુઆરીએ મૌની અમાસના દિવસે અધિકારીઓને ૫૦ લાખ ભક્તોના આગમનનો અંદાજ છે. તેને લીધે રોજ ૨૪ કરોડ લિટરનું ગંદુ પાણી અને ૧.૬ કરોડ લિટરનો કીચડયુક્ત કચરો ઠલવાશે. જેને દૂર કરવા તંત્ર આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરી રહ્યું છે. ઉત્તર પ્રદેશ સરકારના અધિકારીઓના જણાવ્યા અનુસાર ચાલુ વર્ષે રાજ્ય સરકાર કુંભ મેળા પર રૂ.૭,૦૦૦ કરોડનો ખર્ચ કરી રહી છે. જેમાં વોટર અને વેસ્ટ મેનેજમેન્ટ માટે રૂ.૧,૬૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.મહા કુંભમેળાના એડિશનલ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ વિવેક ચતુર્વેદીએ જણાવ્યું હતું કે, ''નદીનું પાણી સ્નાન માટે બિલકુલ સ્વચ્છ છે. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની ટીમ રોજ જુદા-જુદા ઘાટ પરથી નદીના પાણીના સેમ્પલ્સનું ટેસ્ટિંગ કરે છે. ઉપરાંત, ભક્તો નદીમાં ફૂલો, શ્રીફળ અને અન્ય ચીજો પધરાવે છે. જેને દર બે કલાકે પાણીમાંથી બહાર કાઢવા મશિનની વ્યવસ્થા કરાઈ છે. નદીના પાણી અને ઘાટોની શુદ્ધતા જાળવવા ગંગા સેવાદૂતોની ટીમ વિવિધ ઘાટ પરથી કચરાનો નિકાલ કરે છે. તે જુદીજુદી શિફ્ટમાં કામ કરે છે.'' યુપીના પ્રયાગરાજમાં યોજાઈ રહેલા મહાકુંભમાં મૌની અમાવસ્યાના 'અમૃત સ્નાન'માં ૧૦ કરોડ ભક્તો ભાગ લેશે તેવું અનુમાન છે. ૨૯ જાન્યુઆરીએ આ સ્નાનના દિવસે ટ્રાફિક અને ભીડનું અસરકારકરીતે સંચાલન કરવા માટે સર્વગ્રાહી પગલા લેવામાં આવી રહ્યા છે. કુંભમાં સ્નાનનું અનેરું મહત્વ હોય છે. આમ તો મહાકુંભનો દરેક દિવસ સ્નાન માટે પવિત્ર હોય છે. પરંતુ મૌની અમાવસ્યા સહિત કેટલાક દિવસો તે વધુ માનવામાં આવે છે. આ દિવસોના સ્નાનને 'અમૃત સ્નાન' તરીકે માનવામાં આવે છે.

## સમગ્ર ભારતમાં સમયને સુમેળ બનાવવા માટે ડ્રાફ્ટ કાનૂની મેટ્રોલોજી (ભારતીય માનક સમય) નિયમો, ૨૦૨૫ને સૂચિત કર્યું

'એક રાષ્ટ્ર, એક સમય' અને ભારતીય માનક સમય (IST)માં ચોકસાઈ પ્રાપ્ત કરવાના લક્ષ્ય સાથે, ભારત સરકારના ગ્રાહક બાબતોના વિભાગે રાષ્ટ્રીય ભૌતિક પ્રયોગશાળા (NPL) અને ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ISRO) સાથે મળીને એક પ્રોજેક્ટ શરૂ કર્યો છે, જે અંતર્ગત મિલિસેકન્ડથી લઈને માઈક્રોસેકન્ડ સુધીની ચોકસાઈ સાથે IST પ્રસારિત કરવામાં આવશે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય સમગ્ર ભારતમાં પાંચ કાનૂની મેટ્રોલોજી પ્રયોગશાળાઓમાંથી IST પ્રસારિત કરવા માટે ટેકનોલોજી અને માળખાગત સુવિધા બનાવવાનો છે. આ ચોકસાઈ નેવિગેશન, ટેલિકોમ્યુનિકેશન્સ, પાવર ગ્રીડ સિંક્રોનાઈઝેશન, બેંકિંગ, ડિજિટલ ગવર્નન્સ અને ડીપ સ્પેસ નેવિગેશન અને ગુરુત્વાકર્ષણ તરંગ શોધ સહિત અત્યાધુનિક વૈજ્ઞાનિક સંશોધન જેવા ક્ષેત્રો માટે મહત્વપૂર્ણ છે. તે અંગેનું મહત્વ હોવા છતાં, જેને ક્યારેય ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર્સ (TSPs) અને ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર્સ (ISPs) દ્વારા ફરજિયાત રીતે અપનાવવામાં આવતું નથી, જેમાંથી ઘણા GPS જેવા વિદેશી સમય સ્રોતો પર આધાર રાખે છે. રાષ્ટ્રીય સુરક્ષા, રીઅલ-ટાઈમ એપ્લિકેશન્સ અને મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના સરળ સંચાલન માટે તમામ નેટવર્ક્સ અને સિસ્ટમ્સને IST સાથે સિંક્રોનાઈઝ કરવું જરૂરી છે. આ પડકારોનો સામનો કરવા માટે, લીગલ મેટ્રોલોજી એક્ટ, ૨૦૦૯ હેઠળ IST અપનાવવા માટે નીતિ માળખું, નિયમન અને કાયદો વિકસાવવા માટે એક ઉચ્ચાધિકાર પ્રાપ્ત ઈન્ટર મિનિસ્ટ્રીયલ કમિટિની રચના કરવામાં આવી હતી. સચિવ (ગ્રાહક બાબતો)ની અધ્યક્ષતામાં, સમિતિમાં NPL, ISRO, IIT કાનપુર, NIC, CERT-In, SEBI, રેલવે, ટેલિકોમ અને નાણાકીય સેવાઓ જેવા મુખ્ય સરકારી વિભાગોના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. IST અપનાવવાને ફરજિયાત બનાવવાના નિયમોનો મુસદ્દો તૈયાર કરવા, નેટવર્ક્સ માટે સિંક્રનાઈઝેશન માર્ગદર્શિકા સ્થાપિત કરવા, સમય-સ્ટેમ્પિંગ અને સાયબર સુરક્ષા માટે નિયમનકારી માળખા તૈયાર કરવા અને અદ્યતન તકનીકો અને માળખાગત સુવિધાઓ દ્વારા IST પ્રસારણ પ્રોજેક્ટની પ્રગતિનું નિરીક્ષણ કરવા માટે સમિતિની વિવિધ બેઠકો યોજાઈ હતી. ગ્રાહક બાબતોના વિભાગના કાનૂની મેટ્રોલોજી વિભાગ દ્વારા ડ્રાફ્ટ લીગલ મેટ્રોલોજી (ભારતીય માનક સમય) નિયમો, ૨૦૨૫ને એક વ્યાપક નિયમમાં રૂપ માં પ્રકાશિત કરાયો છે, જે સમગ્ર ભારતમાં ભારતીય માનક સમય (IST) ના ઉપયોગને માનક અને ફરજિયાત બનાવે છે. ડ્રાફ્ટ લીગલ મેટ્રોલોજી (ભારતીય માનક સમય) નિયમો ૧૫.૦૧.૨૦૨૫ના રોજ જાહેર પરામર્શ માટે વિભાગની વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવ્યા છે. ટિપ્પણીઓ ૧૪.૦૨.૨૦૨૫ સુધીમાં સબમિટ કરી શકાય છે. ડ્રાફ્ટ નિયમો માટેની વેબસાઈટ લિંક નીચે મુજબ છેઃ આ સીમાચિહ્નરૂપ નિયમોનો ઉદ્દેશ્ય ભારતના તમામ ક્ષેત્રોમાં ભારતીય માનક સમય (IST)ના ઉપયોગને પ્રમાણિત અને ફરજિયાત બનાવવાનો છે, જે વ્યૂહાત્મક, બિન-વ્યૂહાત્મક, ઔદ્યોગિક અને સામાજિક એપ્લિકેશનો માટે એકીકૃત અને ચોક્કસ સમય જાળવણી માળખું પૂરું પાડે છે. કાનૂની મેટ્રોલોજી (ભારતીય માનક સમય) નિયમો સમગ્ર દેશમાં ચોક્કસ અને સમાન સમય જાળવણી માટે એક વ્યાપક માળખું બનાવીને ગ્રાહકોને નોંધપાત્ર લાભો પૂરા પાડશે. આ નિયમો સંદેશાવ્યવહાર નેટવર્ક્સ, તકનીકી માળખા અને જાહેર સેવાઓને સુમેળ કરે છે, જેના કારણે સીમલેસ ક્રિયાપ્રતિક્રિયાઓ સંભવ બને છે અને આર્થિક કાર્યક્ષમતામાં વધારો કરે છે. પ્રસ્તાવિત કાનૂની મેટ્રોલોજી (ભારતીય માનક સમય) નિયમો, ૨૦૨૪નો ઉદ્દેશ ભારતીય માનક સમય (IST)ને તમામ ક્ષેત્રોમાં ફરજિયાત સમય સંદર્ભ તરીકે સ્થાપિત કરવાનો છે, જેનાથી એકરૂપતા અને ચોકસાઈ સુનિશ્ચિત થઈ શકે. UTC પર આધારિત ૫:૩૦-કલાક ઓફસેટ સાથે ISTની જાળવણી CSIR-નેશનલ ફિઝિકલ લેબોરેટરી (CSIR-NPL) દ્વારા કરવામાં આવે છે.

### અહિંસાનો ભાવ અંતરમાં લાવવો, કે કેળવવો એ બહુ જ અઘરું છે, કારણ કે પહેલા તો અહિંસા વિશે સમાજમાં બહુ બધી ગેર માન્યતાઓ પ્રચલિત છે

# શાંતિ એ આપણો શાશ્વત સ્વભાવ છે, પણ એ પવિત્રતા વગર પ્રાપ્ત થતી નથી



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**શક્તિથી શાંતિ સુધીની સફરમાં એક એક પગથિયું શાંતિ માટે જરૂરી છે, એટલે કે શક્તિ માટે જો યોગ્ય આહાર લેવાય તો શરીર સ્વસ્થ રહે અને રોગ બાબત શાંતિ રહે, બુદ્ધિ માટે અંતઃકરણ ચતુષ્કોણ સંતુલિત રહે એ રીતે મનની ઈચ્છા સંતોષવામાં આવે તો દુર્મતિથી બચી શકાય, અને એ રીતે શાંતિ.**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. વિદેશની ધરતી પર ૭૬ મો પ્રજાસત્તાક દિન ઉજવ્યો, જહાં ડાલ ડાલ પર સોને કી ચીડિયા કરતી હે બસેરા યે ભારત દેશ હૈં મેરા! તેમજ મેરા રંગ દે બસંતી ચોલા, એ ગીત સાંભળીને, મેરા ભારત મહાન એ ઉક્તિ ખરેખર વિદેશમાં અને ત્યાં જે લાગણી અનુભવાય એ કંઈક અલગ જ હોય, રાષ્ટ્ર ગીત ગાતાં ગાતાં આંખો ભીની થઈ ગઈ. એટલે જ કહેવાયું છે કે માતૃભૂમિ માતૃભાષા અને માતા પિતાનું મૂલ્ય એનાથી દૂર જવાથી જ થાય છે. લગભગ ૨૦૦ જણાં હતાં, બધાં જ યંગ, વયસ્કમાં તો લગભગ અમે બે જ! પણ આપણા જેવી સંસ્કૃતિ જેવી સંસ્કૃતિ વિશ્વમાં કદાચ ક્યાંય નહીં હોય એવું અહીં આવતા અનુભવાયું, જર્મન પ્રજા પ્રમાણમાં ઓછી ફ્રેન્ડલી છે, અને સામાન્ય રીતે એકબીજા સામે હસતા પણ નથી, જ્યારે આપણે તો હસવું, બોલવું, મસ્તી મજાક એ બધું જ સહજ. પણ છતાં દેશના આર્થિક તંત્રને મજબૂત બનાવવા પોતાની પ્રોડક્ટનો જ ઉપયોગ કરે છે, જે આપણે શીખવા જેવું છે. ૧૪૦ કરોડ માંથી ૪૦ કરોડ લોકો જો સ્વદેશીનો સંકલ્પ લે તો આપણું અર્થ તંત્ર મજબૂત બને, બાકી તો એક યુરોના ૯૦ દેવાં પડે. ટેકનોલોજીની રીતે ભારતમાં પણ આજકાલ માનવ યાંત્રિક બનતો જાય છે! એટલે કે વિજ્ઞાનના વિકાસને કારણે, કેટલીય પ્રકારની યાંત્રિક શક્તિ માનવીની જરૂરિયાત બની ગઈ છે, અને સુખ સુવિધા માટેનાં અધ્યતન સાધનો બજારમાં ઉપલબ્ધ છે, અને એ પણ લોનથી, એટલે કહેવું શું! જો વિદેશી કંપનીનો માલ ખરીદ્યો હોય તો આ બધાં જ નાણાં વિદેશમાં ઠલવાય! વધતી જતી યાંત્રિક જરુરીયાત પર કાપ મુકવા માટે એક જ મંત્ર યાદ રાખવો કે યંત્ર આપણને સુખ આપી શકે શાંતિ નહીં ! કારણ કે માનવી એક સામાજિક પ્રાણી છે, અને એને કોઈને કોઈનાં સાથ સહકારની નિતાંત જરૂર પડે જ છે. માટે શાંતિ માટે આપણે સુખનાં ડાયરામાંથી બહાર પગ મૂકવો જ પડે! તો જ મળે! પણ આપણે છીએ કે એવું કરી શકતાં નથી, અને સુખનું બહુવચન શાંતિ હોય, એમ વધુને વધુ સુખ માટે સતત ભટકતાં રહીએ છીએ. જેમ તનની શક્તિ માટે આહાર જરૂરી છે, એ જ રીતે મનનો આહાર માનવીને ખુશ રાખી શકે! આપણને સવાલ થાય કે મનનો આહાર શું હોય શકે! મનનો આહાર એટલે મનોરંજન! મનને ગમતી ક્રિયા એ મનનો આહાર છે! પણ આ મનોરંજનનું સાધન આપણાં એકની ખુશીને લઈ ને હોય તો પણ, અન્યને નુકસાન કર્તા તો ન જ હોવું જોઈએ! આપણી ખુશી અન્યના ગમ કે દુઃખનું કારણ બનતું નથી ને ! જે જોવું હવે નિરર્થક હોય એમ કોઈ જોતું નથી, અને માટે ખુશી લાંબો સમય ટકતી નથી, અથવા તો ખુશીમાં પણ બેચીની એટલે કે અશાંતિ પડઘાતી હોય એવું લાગે છે, કે પછી લાખ સુખો ભોગવવા છતાં અસંતોષ રહે છે. કોઈની આહ નીકળવી કે આંસુ સરવા આ બંને હિંસા છે, અને એટલે શાંતિ પહેલા અહિંસાને આજીવન વ્રત બનાવવું પડે, અને પેટા પગથિયાં રૂપે આપણે તેને આત્મસાત કરીએ તો શાંતિ મળે. અહિંસાનો ભાવ અંતરમાં લાવવો, કે કેળવવો એ બહુ જ અઘરું છે. કારણ કે પહેલા તો અહિંસા વિશે સમાજમાં બહુ બધી ગેર માન્યતાઓ પ્રચલિત છે. સામાન્ય એટલે કે સરળ ભાષામાં કહીએ તો જે હિંસક નથી, તે ભાવ એટલે અહિંસા. બાકી અન્ય જીવ શ્રેણીમાં જોઈએ તો ઉપભોગ અને ઉપભોક્તાની આ સાયકલમાં કોઈનાં જીવન માટે કોઈનું મૃત્યુ નિશ્ચિત છે. પણ માનવી માટે હિંસા એટલે પ્રતાડિત કરવું, કોઈને હેરાન કરવું, કે પરેશાન કરવું. હિંસાનો અર્થ હત્યા કે મારી નાખવા પુરતો સિમિત ન રહે, તો જ અહિંસાના ભાવ સુધી પહોંચાય. કારણકે મારવાં કરતાં પણ કોઈના દિલને દુઃખી કરવું એ મૂળ હિંસા છે. પૃથ્વી પર ૮૪ લાખ યોની અસ્તિત્વ ધરાવે છે, અને એ દરેકનું આયુષ્ય નક્કી જ હોય છે. એટલે હવામાં રહેલા જંતુઓ તો આપણા શ્વાસોશ્વાસની ક્રિયાથી પણ મારતા હોય છે, તો શું આપણે શ્વાસ લેવા બંધ કરી દેવા! વગર કારણે કોઈને પણ હેરાન ન કરવા, પરેશાન ન કરવા, કે ન મારવા એ અહિંસાનો મૂળ ભાવ છે. પોતાની શક્તિ બતાડી શકતા ન્હોય, એ રીતે નાના જીવને ક્રૂરતાથી મારીને વિકૃત આનંદ લેતા હોય તો એ હિંસાનો ભાવ છે. શક્તિથી શાંતિ સુધીની સફરમાં એક એક પગથિયું શાંતિ માટે જરૂરી છે, એટલે કે શક્તિ માટે જો યોગ્ય આહાર લેવાય તો શરીર સ્વસ્થ રહે અને રોગ બાબત શાંતિ રહે. બુદ્ધિ માટે અંતઃકરણ ચતુષ્કોણ સંતુલિત રહે એ રીતે મનની ઈચ્છા સંતોષવામાં આવે તો દુર્મતિ થી બચી શકાય, અને એ રીતે શાંતિ. વિદ્યા એટલે કે અહંકાર શૂન્ય થઈ જ્ઞાનની ગરિમા જળવાય તો મનુષ્ય જીવનનું મહત્વ સમજાય, અને પોતાની લાક્ષણિકતા માટે તત્વતઃ ઈશ્વર તરફ આભાર વ્યક્ત થાય, કે પછી કંઈક વિશેષ મળવાથી ખુશ પણ થાય. સૌ સમાનની સમજ સંવેદના અને મૈત્રી ભાવને કારણે સૌ સાથે જોડાય અને એ રીતે સાથ સહકારથી ખુશી બેવડાય છે. અહીં કર્તા હર્તા ને સમાહર્તા ઈશ્વર છે એ જ્ઞાન સૌને ક્ષમા કરવાની ઉદારતા બતાવે, અને પોતાની ભૂલ વખતે ક્ષમા માંગવાની પણ તૈયારી બતાવી સૌનાં દિલમાં પ્રીતિનું સ્થાન પ્રાપ્ત કરે છે. આમ હૃદયમાં ઈશ્વર પ્રત્યેની અનન્ય શ્રદ્ધા અને વિશ્વાસ ભક્ત ને ભક્તિની શક્તિ પ્રદાન કરે છે, અને ધીરે ધીરે ઉદારતા, દયાળું, માયાળુ, પ્રેમાળ, અને કરુણાનાં ભાવોથી હૃદય ભરાય જાય છે, જ્યાં હિંસાનો ભાવ સાવ નાબૂદ થઈ જાય છે, અને હવે સ્વભાવમાં જે જવલ્લે જ જોવા મળતા હતાં, એ આક્રમકતા, ક્રૌધ, કામ, વાસના, જેવા તમામ દૂષણોનું નિવારણ થતાં જીવ શાંત થાય છે. આમ એક એક પગથિયે ૧૦% ૧૦% શાંતિ મેળવતા મેળવતા ૧૦૦% શાંતિ સુધી પહોંચાય છે, આમાં કોઈ શોર્ટકટ નથી! હાં સદગુરુ શરણે જઈને, જેવા છીએ એવા આત્મનિવેદન કરીએ તો કંઈ પણ કર્યા વગર માત્ર સદગુરુના વચનો પર ભરોસો રાખીને શક્તિથી શાંતિ સુધીના દરેક શક્તિ કવચે પહોંચી શકાય છે. સુખ નહીં પણ શાંતિ સુધી પહોંચવું હોય તો આપણી પાસે બે જ માર્ગ છે! એક ક્રમશઃ પગથિયાં ચડીએ! અને બીજું ક્યાંય પણ ગયા વગર સદગુરુ ચરણે મૌન થઈ બેસી જઈએ તો પહોંચી શકાય. ગીતામાં કર્મ, જ્ઞાન અને ભક્તિ ત્રણ માર્ગ બતાવ્યાં છે! પણ સ્વાર્થ છૂટે તો પરમાર્થ થાય ! બાકી બધું થાય તો પણ એ દેખાડો, એટલે કર્મ એટલું થતું નથી. સંસારી જીવ જ્ઞાન માટે વ્રત સંયમ નિયમ એ બધું કેટલું પાળી શકે? એટલે સાચું જ્ઞાન પણ ક્યાંથી મળે? ભક્તિ, હરપળ ઈશ્વર વિશે શંકા કરતો જીવ ભરોસો ક્યાંથી કરી શકે! એમાં કળિયુગમાં ધર્મ સંપ્રદાયનો ઉપદ્રવ વધ્યો છે, એટલે ધર્મ પણ સાચું સમજાવી ન શકે! પણ કપડું જેમ વધુ ગંદું હોય એટલું એને વધું ઘસીને સાફ કરવું પડે એ રીતે અંતરનું પોત જેટલું ચોખ્ખું એટલી પ્રસન્નતા અને શાંતિ વધુ! એટલે ઈર્ષા, નિંદા, અહમ આગ્રહ, પૂર્વાગ્રહ, દુરાગ્રહ, અપેક્ષા, ઉપેક્ષા, લોભ લાલચ હિંસા જેવા મલિન ભાવથી દૂર રહીએ, તો અંતર પવિત્ર રહે અને પ્રસન્નતા કે નિત્ય શાંતિ માટેની પહેલી શરત પવિત્રતા છે, એ સૂત્રનો યથાર્થ પ્રયોગ કરી શાંતિ કે જે આપણો શાશ્વત સ્વભાવ છે એને સુધી પહોંચી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન જય સીયારામ.

### આપણા જીવનમાં ઘણી સમસ્યાઓ ત્યાંથી જ ઊભી થાય છે, જ્યારે આપણી અંદર અહંકારની ભાવના આવી જાય છે કે હું તેને કેમ માફ કરું..?

# જે જીવનમાં સંઘર્ષ ન હોય ત્યાં સુખ, સમૃદ્ધિ અને શાંતિના મીઠા ફળો મળી શકતા નથી, સંઘર્ષ એક એવું વૃક્ષ છે જેના મૂળ કડવા હોય છે પણ તેના ફળ ખૂબ મીઠા હોય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**વ્યક્તિના જીવનમાં સંઘર્ષ જેટલો મોટો હશે તેટલીજ તેના જીવનમાં મધુરતા આવશે, પહેલા સંઘર્ષ અને પછી મધુરતા, આ જીવનનો નિયમ છે, ભગવાન રામના સંઘર્ષોએ તેમને લોકોના પ્રિય ભગવાન રામ બનાવ્યા, જ્યારે યોગેશ્વર કૃષ્ણના સંઘર્ષોએ તેમને મહાન નાયક બનાવ્યા. ક્ષમા કરો અથવા ક્ષમા માગો, જીવનની ઘણી સમસ્યાઓ આપો આપ હલ થઈ જશે, કોઈને તેની ભૂલ માટે ક્ષમા આપવી એ પણ એક હિંમતવાન અને દૈવી ગુણ છે.**

છોતેરમા પ્રજાસત્તાક દિનની ઉજવણી ઉત્સાહ ઉમંગભેર કરવામાં આવી એક દિવસના વિરામ બાદ આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો તમારા જીવન ને વેદ આધારિત બનાવીને જીવો, તેને ભેદભાવ કરીને નહીં. વેદ કહે છે કે બીજા સાથે ક્યારેય એવું વર્તન ન કરો જે તમને પોતાને ગમતું નથી. દરેકને પ્રેમ કરો અને દરેકને માન આપતા શીખો. બીજાઓ સાથે અયોગ્ય વર્તન કરતા પહેલા એ વિચારી લો કે આપણા વર્તનથી કોઈને દુઃખ ન પહોંચે. જો તમે એ પરમાત્માને તમારો આત્મા માનો છો તો એ ભગવાન દરેકમાં વસે છે.પોતાના ફાયદા માટે બીજાને ત્રાસ આપવો એ ભેદભાવની દ્રષ્ટિ છે અને સર્વ વ્યાપી હોવાની અનુભૂતિ એ વેદ દ્રષ્ટિ છે. પ્રાર્થના કરતી વખતે ભગવાન મારી નજીક હોય છે અને પાપ કરતી વખતે ભગવાન દૂર હોય છે.કોણ છે તે જોવાની અનુભૂતિ એક અલગ જ દ્રષ્ટિ છે. વિભીષણનું જીવન વેદના માર્ગ પર છે અને રાવણનું જીવન ભેદ ભાવના માર્ગ પર છે.જે વેદના માર્ગે ચાલે છે તે ભગવાનને પ્રિય બને છે અને જે ભેદભાવના માર્ગે ચાલે છેતે પણ તેને અપ્રિય બને છે, જો ખરાબ ટેવોને સમયસર સુધારવામાં ન આવે તોતે કોઈપણ વ્યક્તિ માટે અભિશાપ બનીજાય છે અને તેની બદનામી અને બદનામીનું કારણ બને છે. ખરાબ ટેવોનું પોતાનું વ્યસન પણ હોય છે જો સમયસર રોકવામાં ન આવે તો તેઓ પણ વ્યસનના શિકાર બની જાય છે. એકવાર આપણે કોઈ ખરાબ આદતના વ્યસની થઈ ગયા પછી, આપણે પોતાને ખરાબ લાગવા છતાં તેને કરવાનું બંધ કરી શકીશું નહીં. અમને તે કામ આદતપૂર્વક કરવા માટે દબાણ કરવામાંઆવશે ખરાબ ટેવો એ આપણી પ્રગતિના માર્ગમાં સૌથી મોટો અવરોધ છે. કેટલીક ખરાબ ટેવો આપણા અંગત જીવનને દૂષિત કરે છે, કેટલીક આપણું સામાજિક જીવન દૂષિત કરે છે અને કેટલીક આપણા નૈતિક જીવનને પણ દૂષિત કરે છે. મહાન ફિલસૂફ સોક્રેટિસે લખ્યું છે કે''જો દર વર્ષે એક ખરાબ આદત ને જડમૂળથી કાઢી નાખવામાં આવે છે અને ફેંકી દેવામાં આવેછે તો સૌથી ખરાબ વ્યક્તિ પણ થોડા વર્ષોમાં સારી બની શકે છે. ''સારી ટેવો સારી વ્યક્તિને જન્મ આપે છે અને ખરાબ ટેવો ખરાબ વ્યક્તિને જન્મ આપે છે.જો તમે ખરાબ આદતો થી બચવા માટે સતત પ્રયત્નો નહીં કરો, તો તમને ખ્યાલ નહીં આવે કે ક્યારે તમારી અંદર કોઈ ખરાબ વ્યક્તિનો જન્મ થઈ ગયો છે. જે જીવનમાં સંઘર્ષ ન હોય ત્યાં સુખ, સમૃદ્ધિ અને શાંતિના મીઠા ફળો મળી શકતા નથી.સંઘર્ષ એક એવું વૃક્ષ છે જેના મૂળ કડવા હોય છે પણ તેના ફળ ખૂબ મીઠા હોય છે. જે જીવન આજે છે તેટલું મધુર છે,તે જીવનમાં સમાન પ્રમાણમાં સંઘર્ષ થયો હશે. ઘણીવાર આપણને મીઠાં ફળ જોઈએ છે પણ સંઘર્ષની કડવાશ નો સ્વાદ ચાખવો નથી. આપણે ભૂલી જઈએ છીએ કે જીવનની મધુરતાનું મૂળ સંઘર્ષ છે. જે લોકો આ કડવાશને ટાળવાનો પ્રયાસ કરે છે તેઓ જીવનની મીઠાશથી વંચિત રહે છે. વ્યક્તિના જીવનમાં સંઘર્ષ જેટલો મોટો હશે તેટલીજ તેના જીવનમાં મધુરતા આવશે. પહેલા સંઘર્ષ અને પછી મધુરતા, આ જીવનનો નિયમ છે. ભગવાન શ્રી રામના સંઘર્ષોએ તેમને લોકોના પ્રિય ભગવાન રામ બનાવ્યા, જ્યારે યોગેશ્વર શ્રી કૃષ્ણના સંઘર્ષોએ તેમને મહાન નાયક બનાવ્યા. ક્ષમા કરો અથવા ક્ષમા માગો, જીવનની ઘણી સમસ્યાઓ આપો આપ હલ થઈ જશે. કોઈને તેની ભૂલ માટે ક્ષમા આપવી એ પણ એક હિંમતવાન અને દૈવી ગુણ છે. આપણા જીવનમાં ઘણી સમસ્યાઓ ત્યાંથી જ ઊભી થાય છે,જ્યારે આપણી અંદર અહંકારની ભાવના આવી જાય છે કે હું તેને કેમ માફ કરું..? આપણો પોતાનો અહંકાર પછી દુશ્મનાવટ અને બદલો લેવાનું કારણ બની જાય છે. કૌટુંબિક જીવન,મિત્રતા જીવન કે સામાજિક જીવનમાં સંબંધોને મજબૂત અને મધુર બનાવવા માટે આ બેમાંથી એક ગુણ કોઈપણ વ્યક્તિમાં આગવો હોવો જોઈએ. મહાભારતનો પાયો એ સૂત્રના આધારે નાખવામાં આવ્યો હતો કે જો કોઈ માફ કરે તો ક્ષમા કોઈની પાસેથી માંગવામાં આવતી નથી. નવા મહાભારતમાંથી છટકી ગયા પછી આપણું જીવન આનંદમાં પસાર થાય તે માટે,આપણે આપણા જીવનમાં એક સૂત્રને સ્થાન આપવું જોઈએ અને તે છે ક્ષમા કરો અથવા ક્ષમા માગો. પ્રતિકૂળ વર્તનમાં પણ તમારા આચરણનું ગૌરવ જાળવવું એ સજ્જનતા કહેવાય છે.માત્ર ફૂલ ની માળા પહેરાવીને ખુશ થવું એ સજ્જનની નિશાની નથી.એક સામાન્ય વ્યક્તિ પણ આ કરી શકે છે.પણ કાંટાનો તાજ પહેર્યા પછી પણ ચહેરા પર સરળતાની લાગણી રહે છે, આ જ ખાનદાની અને મહાનતાની નિશાની છે. ભૃગુજીએ લાત મારી અને માર્યા પછી પણ ભગવાન વિષ્ણુજીએ તેમની માફી માંગી. આ વાર્તાનો અર્થ એ નથી કે તમે સજ્જનોનું અપમાન કરો,પરંતુ એ છે કે જેન્ટલમેન એ છે જે અન્યની તકલીફોને નમ્રતાથી સહન કરી શકે. જેન્ટલમેનનો અર્થ આદરણીય વ્યક્તિ નથી પણ આદરની ઈચ્છા વિનાનું વ્યક્તિત્વ છે.જે હંમેશા નમ્રતા અને પ્રેમના આભૂષણોથી શોભતો રહે છે તે સજ્જન છે. જે દરેક પરિસ્થિતિમાં ખુશ રહે છે અને બીજાને ખુશ રાખે છે તે સજ્જન છે.એવા કામ ન કરો કે તમારે બીજાની નજરથી પડવું પડે કારણ કે પહાડ પરથી પડ્યા પછી તમે ફરી ઊભા થઈ શકો છો પણ આંખો માંથી પડ્યા પછી ઊઠવું આસાન નથી.જેમ મહેલ બનાવવામાં વર્ષો લાગે છે,પરંતુ તેને નષ્ટ કરવા માટે એક ક્ષણ પૂરતી છે.એ જ રીતે, ચારિત્ર્ય ઘડવામાં વર્ષો લાગે છે પણ પાત્રને ઘડવામાં માત્ર એક ક્ષણ લાગે છે. દરેક કાર્ય કરતા પહેલા તેના પરિણામો વિશે વિચારવું એ બુદ્ધિશાળી લોકોની નિશાની છે. અને કાર્યપૂર્ણ થયા પછીપરિણામ વિશે વિચારવું મૂર્ખતા છે. સમજી-વિચારીને અને શાંત ચિત્તે લીધેલા નિર્ણયો જ સફળતાનો માર્ગ મોકળો કરે છે. વાચક ચાહક મિત્રો આજે છેલ્લે મને ગમેલી એક વાત કહી આજ નો લેખ પૂરો કરીએ.આજના સમયની વડીલોની વેદના ભારે હૃદયે વૃદ્ધાશ્રમોમાં કોણ ?આ વેદના શું ...કહે છે..? અદાલતમાં વૃદ્ધ વડીલે ન્યાયમૂર્તિ ને કહ્યું હું ખુબ જ શ્રીમંત વ્યક્તિ છું અને મારી પાસે પૈસાની કોઈ પણ કમી નથી તો પણ મારે પુત્ર પાસેથી દર મહિને ખર્ચ લેવો છે માટે હું આપની પાસે ન્યાય લેવા આવ્યો છું. ન્યાયમૂર્તિ આશ્ચર્ય ચકિત થયા અને કહ્યું આપ શ્રીમંત છો તો પણ આપ ખર્ચ માંગી રહ્યા છો?ઠીક છે એ આપનો અધિકાર છે.આમાં સુનવણી ની જરૂર નથી. તમારી સારસંભાળ પુત્રએ કરવી એ પુત્રનું કર્તવ્ય છે. એમ કહી વૃદ્ધ વડીલ પાસેથી તેમના પુત્રનું નામ અને સરનામું લઈને સમન્સ મોકલીશું એમ કહી ન્યાયમૂર્તિએ બે દિવસ પછીની તારીખ આપીને કહ્યું કે એ દિવસે આપનો પુત્ર ન્યાયાલયમાં હાજર હશે અને આપના આ કેસનો નિકાલ કરીશું. બે દિવસ પછી પુત્ર ન્યાયાલયમાં હાજર થયો પણ એ એવા ગડમ થલમાં હતો કે બાપુજીએ મને કહ્યું હોત તો મેં ખર્ચ આપી દીધો હોત પણ મને કાંઈપણ ન જણાવતા કેમ કોર્ટમાં કેસ કર્યો એમ મનમાં ને મનમાં વિચારતો રહ્યો, ન્યાયમૂર્તિએ પુત્રને કહ્યું આપના પિતાએ આપની સામે જીવન નિર્વાહ માટે કેસ કર્યો છે તો આપ આપનું નિવેદન નોંધાવો. પુત્રએ કહ્યું સાહેબ મારા પિતાજી ખુબજ પૈસાદાર છે પણ એમને કેમ કેસ કર્યો એની પાછળનું કારણની મને ખબર પડતી નથી. ન્યાયમૂર્તિએ પુત્રને કહ્યું તમારા પિતાએ જીવન નિર્વાહ માગેલ છે અને આપ તે કાયદાકીય રીતે આપવા બંધાયેલ છો પછી રકમ ગમે તે હોય તે તમારી પરિસ્થિતિ અનુસાર આપવી પડશે. ન્યાયમૂર્તિએ વૃદ્ધ વડીલને પૂછ્યું આપને કેટલો જીવન નિર્વાહ જોઈએ છે તો વૃદ્ધ વડીલે કહ્યું સાહેબ દર મહિને ફક્ત ૧૦૦ રુપિયા અને એ શરતે કે મારો પુત્ર એના હાથે મારે ત્યાં આવીને આપી જાય બીજા કોઈ સાથે ન મોકલે અને એમાં કોઈપણ જાતનો વિલંબ ન થાય એની કાળજી રાખવામાં આવે. ન્યાયમૂર્તિએ કહ્યું ઠીક છે તમારા કહેવા પ્રમાણે થશે પછી ન્યાય મૂર્તિએ પુત્રને કહ્યું કે તારે દર મહિને ૧૦૦ રુપિયા તારા પિતાજીના હાથમાં વિલંબ ન કરતા આપી દેવા આ કોર્ટનો આદેશ છે અને તું તેનું પાલન કરીશ એવી અપેક્ષા ન્યાયમૂર્તિએ આદેશ આપીને ખટલાનો નિકાલ કર્યો પછી વૃદ્ધ એવા વડીલને પોતાની પાસે બોલાવ્યા અને પૂછ્યું જો તમને કોઈ હરકત ન હોય તો મારે એક પ્રશ્ન પૂછવો છે. આપ આટલા બધા શ્રીમંત હોવા છતાં આપે પોતાના દીકરા ઉપર કેસ કર્યો અને એ પણ ફક્ત નાની એવી રકમ માટે આમ કેમ?આ પ્રશ્ન સાંભળી વૃદ્ધ વડીલના આંખમાં આસું આવ્યા અને બોલ્યા સાહેબ મારા દીકરાનું મોઢું જોવાની ખુબજ ઈચ્છા થયેલ હતી કારણ કે એ કામમાં એટલો વ્યસ્ત છે કે એને મળીને ઘણાજ દિવસ થયા હતા અને સામે બેસીને છોડો સાહેબ મોબાઈલ ઉપર ક્યારે વાતચીત કરી એ પણ ખબર નથી. મારા પુત્ર ઉપર મને અત્યંત પ્રેમ છે એટલેજ મેં કેસ દાખલ કર્યો જેથી કરી એ દર મહિને મારી સામે આવે અને હું તેને મન ભરીને જોઈ શકું અને તેનો મને આનંદ થાય. વૃદ્ધ વડીલનું કથન સાંભળીને ન્યાયમૂર્તિ ના આંખમાં ઝળઝળિયાં આવ્યાં. ન્યાયમૂર્તિએ કહ્યું તમે જો મને પહેલા કીધું હોત તો મેં વડીલની સામે દુર્લક્ષ કર્યાનો અને સાર સંભાળ ન રાખવા માટે તમારા પુત્રને શિક્ષા કરી હોત. વૃદ્ધ વડિલ બોલ્યા મારા પુત્રને શિક્ષા થાય તો એ ખરાબ કહેવાત કારણ મારે એના ઉપર ખૂબજ જીવ છે અને મારથકી એને કોઈ શિક્ષા અગર ત્રાસ થાય એ મને સહન ન થાય એટલે મેં ફક્ત બે ઘડી મળે એ માટે મારે આ ઉપાય કરવો પડ્યો આ સંવાદ દૂરથી પુત્ર સાંભળી રહ્યો હતો અને એના અશ્રુનો બાંધ તુટી પડ્યો અને દોડતા આવીને એ પિતાજીને ભેટી પડ્યો અને બોલ્યો બાપુજી મને માફ કરો હું આપનો ગુન્હેગાર છું પિતાએ કહ્યું દીકરા અમને વૃદ્ધવસ્થામાં પુત્ર અમારી પાસે હોય એ જ ઈચ્છીયે છીએ. બસ શું જોઈએ છે વૃદ્ધ માતા પિતાને ફક્ત પ્રેમ અને હૂંફ બીજું કાંઈ નહીં. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે બસ અહીં અટકીએ અસ્તુ.

### રિયાએ નેહાને કૂતરી કહી હતી

# નેહા ધૂપિયા અને રિયા ચક્રવર્તી વચ્ચે જોરદાર બોલાચાલી



'એમટીવી રોડીઝ ૨૦'નો નવો એપિસોડ ઘણા બધા કાર્યો અને નાટકોથી ભરેલો હતો. તાજેતરના એપિસોડમાં, નેહા ધૂપિયા અને રિયા ચક્રવર્તી વચ્ચે ઉગ્ર દલીલ થઈ. બંનેએ એકબીજા સાથે ઘણી વાતો કરી. રિયાએ નેહાને કૂતરી કહી હતી, જેના પર નેહાએ તેને કહ્યું હતું કે 'તારો ચહેરો ધ્યાનથી જો.''એમટીવી રોડીઝ ૨૦' ઘણા નવા વળાંકો સાથે આવ્યું છે. પ્રેક્ષકો વધુ મજાની રાહ જોતા રહે છે અને ઘણીવાર તેમને મસાલો મળી જાય છે. જોકે, દરેક એપિસોડમાં જોવા માટે કંઈક નવું હોય છે. એડવેન્ચર રિયાલિટી શો તેની ૨૦મી સીઝન સાથે પાછો આવી રહ્યો છે. નવા નાટક અને બમણી તીવ્રતા સાથે, રોડીઝ ડબલ ક્રોસના એપિસોડ્સે ફરી એકવાર દર્શકોને મોહિત રાખ્યા છે.આ બધું એક કાર્ય દરમિયાન બન્યું. રિયાએ પોતાના શબ્દોમાં નેહાનો ઉલ્લેખ કર્યો. એક એપિસોડ દરમિયાન, તેણે નેહાને 'કૂતરી' કહી. પણ આ વખતે નેહાએ તેને વળતો પ્રહાર કર્યો અને કહ્યું 'તારો ચહેરો ધ્યાનથી જો '. જોકે, બંને વચ્ચેની વાતચીત પછી વાતાવરણ ગરમ થઈ ગયું અને તણાવ ઘણો વધી ગયો. પ્રેક્ષકોની સાથે, બાકીના ગેંગ લીડર્સ પણ જોતા રહ્યા.આ પહેલી વાર નહોતું જ્યારે દર્શકોને ગેંગ લીડર વચ્ચે આટલી ઉગ્ર દલીલ જોવા મળી હોય. આ પહેલા, નેહા ધૂપિયા એક ઓડિશન દરમિયાન પોતાના જોરદાર નિવેદન માટે હેડલાઈન્સમાં આવી હતી.નેહાએ એક સ્પર્ધકની તેની ગર્લફ્રેન્ડને થપ્પડ મારવા બદલ ટીકા કરી હતી. તેણે આવું એટલા માટે કર્યું કારણ કે તેની ગર્લફ્રેન્ડે તેની સાથે છેતરપિંડી કરી હતી,આ નિવેદન પર ઘણી ચર્ચા થઈ. કેટલાક લોકોએ નેહાની ખૂબ ટીકા કરી. ટ્રોલિંગ એટલી હદે વધી ગઈ કે નેહા ધૂપિયાને સોશિયલ મીડિયા પર જઈને પોતાનો ખુલાસો આપવો પડ્યો.

### અક્ષય કુમારે ઇતિહાસના પુસ્તકો પર સવાલ ઉઠાવ્યા

# અકબર-ઔરંગઝેબ વિશે ભણાવાય છે, દેશી સુપરહિરોઝ વિશે નહીં : અક્ષય

અક્ષય કુમારના એક નિવેદનથી તે ચર્ચામાં છે, તેણે તાજેતરનાં એક ઈન્ટરવ્યુમાં ઈતિહાસના પાઠ્ય પુસ્તકોમાં સુધારાની વાત કરી છે. તેની તાજેતરમાં આવેલી ફિલ્મ 'સ્કાય ફોર્સ'ના પ્રમોશન દરમિયાન અક્ષયે આપણા ઓછા જાણીતા દેશના સુપરહિરોઝના મહત્વ વિશે વાત કરી હતી. તેણે કહ્યું કે આપણને ઈતિહાસમાં અકબર અને ઔરંગઝેબના પ્રકરણ ભણાવવામાં આવે છે, પણ આપણા સૈનિકોનાં નહીં.અક્ષયે કહ્યું કે આપણા સૈનિકોની વીરતાના કિસ્સા આપણાં ઈતિહાસના પુસ્તકોનો ભાગ હોવા જોઈએ. તેણે કહ્યું,"એવી ઘણી બાબતો છે, જે આપણા પુસ્તકોમાં છે જ નહીં. હું ઈરાદાપૂર્વક એવા રોલ કરું છું, જેના વિશેની વાતો આપણાં પુસ્તકોમાં મળતી નથી. મારે આવું જ કરવું છે. એ બધાં જ અજાણ્યા હિરો છે. લોકો તેમના વિશે નથી જાણતા કારણ કે આપણને ઊંડા ઉતરવાની ટેવ જ નથી. તેથી હું આવા પ્રકારના રોલ કરું છું."અક્ષયે આગળ કહ્યું,"ઈતિહાસના પાઠ્ય પુસ્તકોમાં સુધારાની જરૂર છે. ઘણા સુધારા કરવાની જરૂર છે. આપણે અકબર અને ઔરંગઝેબ વિશે ભણીએ છીએ પણ આપણા પોતાના હિરો વિશે નથી ભણતા. એમનો પણ ઉલ્લેખ હોવો જોઈએ."આ ઈન્ટરવ્યુમાં અક્ષયે ભારતની સેનાનું સર્વોચ્ચ સન્માન પરમ વીર ચક્ર મેળવી ચૂકેલા સૈનિકોની વાતો કરી હતી.



તેણે કહ્યું,"આર્મીમાંથી એવી ઘણી વાર્તાઓ છે. ઘણા સૈનિકોને પરમવીર ચક્ર મળ્યો છે. મને લાગે છે કે ઈતિહાસમાં ફેરફાર થવા જોઈએ અને આ પ્રકારના હિરો લોકોના ધ્યાનમાં આવવા જોઈએ અને આવનારી પેઢીઓને તેનો પરિચય થવો જોઈએ."'સ્કાયફોર્સ'માં અક્ષય કુમાર વિંગ કમાન્ડર કેઓ આહુજાનો રોલ કરે છે, જે વિંગ કમાન્ડર ઓમ પ્રકાશ તનેજાના જીવન પર આધારીત છે. તેઓ ૧૯૬૫માં ભારત-પાકિસ્તાનનું યુદ્ધ લડ્યા હતા. તેમને સપ્ટમ્બર ૧૯૬૫માં વીરતા ચક્ર મળ્યો હતો. આ ફિલ્મમાં અક્ષય સાથે વીર પહારિયા, નિમ્રત કૌર અને સારા અલી ખાન પણ છે. આ ફિલ્મ અભિષેક અનિલ કપુર તેમજ સંદીપ કેવલાણીએ ડિરેક્ટ કરી છે અને ૨૪ જાન્યુઆરીએ આ ફિલ્મ રિલીઝ થશે.

# પ્રેગ્નન્સી બાદ રેખા જેવા બોસી લુકમાં નજર આવી

અભિનેત્રી દીપિકા પાદુકોણને કોઈ ઓળખની જરૂર નથી. આ ખૂબસૂરત અભિનેત્રીએ પોતાની અભિનયક્ષમતાથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં નામ, દામ અને કીર્તિ મેળવી છે. હાલમાં જ અભિનેત્રી સબ્યસાચીના કાર્યક્રમમાં રેમ્પ વોક કરતી નજરે પડી હતી. દિપીકાના ફેન્સની સંખ્યા લાખોમાં છે. લોકો તેની એક ઝલક જોવા માટે આતુર હોય છે. પ્રેગ્નન્સી બાદ દીપિકા પાદુકોણ માતૃત્વનો આનંદ માણી રહી છે અને તેની નાનકડી પરી સાથે તેનો સમય પસાર કરી રહી છે. ગયા વર્ષે અભિનેત્રી દીપિકા પાદુકોણે એક સુંદર બાળકીને જન્મ આપ્યો હતો. આ બાળકીનું નામ તેણે દુઆ રાખ્યું છે. દુઆ પિતા રણવીર સિંહ અને માતા દીપિકા પાદુકોણની ઘણી જ લાડકી છે. તેથી જ કદાચ દીપિકાએ તેના કામકાજથી થોડો સમય બ્રેક લીધો અને દુઆ સાથે સમય વિતાવવાનુ નક્કી કર્યું હતું. હવે



દીપિકા પોતાના કામકાજ પર ફોકસ કરી રહી છે. ડિલિવરી બાદ તે હાલમાં ફરીવાર રેમ્પ પર વોક કરતી નજરે પડી હતી. રેમ્પ પર વોક કરતી દીપીકાનો લુક જોઈને તેના ફેન્સ પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા, કારણ કે તેનો લુક હૂબહું અભિનેત્રી રેખાના બોસી લુક સાથે મેળ ખાતો હતો. આ રેમ્પવોક બાદ તેના ચાહકો દીપિકા પાદુકોણની તુલના અભિનેત્રી રેખા સાથે કરવા લાગ્યા છે.ફેશન ડિઝાઈનર સબ્યસાચીની પચ્ચીસમી એનિવર્સરી માટે એક શોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દીપિકા પાદુકોણે પણ ભાગ લીધો હતો.

### શાહિદ ઇચ્છે છે કે તેનાં બાળકો હંમેશા પોતાની જાતે સાચું કામ જ કરે

# શાહિદ કપૂર નથી ઇચ્છતો કે તેના બાળકો ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં આવે

શાહિદ કપુર ભલે તેના પિતાના પગલે ફિલ્મની દુનિયામાં આવ્યો પરંતુ તેને અન્ય સ્ટાર કિડ્ઝ જેવી તકો ઓછી મળી છે. તેનો નાનો ભાઈ અને પરિવારના મોટાભાગના લોકો ફિલ્મની દુનિયા સાથે સંકળાયેલાં છે. પરંતુ એ નથી ઈચ્છતો કે તેના બાળકો આ ફિલ્મીદુનિયામાં પ્રવેશે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં શાહિદે જણાવ્યું કે કેમ તે આવું ઈચ્છે છે. શાહિદ અને તેની પત્ની મીરાં રાજપૂતનાં બે બાળકો છે- દિકરો ઝૈન અને દિકરી મિશા.શાહિદે જણાવ્યું,"ઘણી બાબતો છે, જે એ લોકો મારામાંથી મેળવે એવું હું નથી ઈચ્છતો. હું ઈચ્છું છું કે તેમને વારસામાં આત્મવિશ્વાસ મળે, મને લાગે છે કે એ તો બંનેમાં છે. મારામાં એટલો આત્મવિશ્વાસ નહોતો. ખરેખર તો હું નથી ઈચ્છતો કે એ મારું કામ કરે, ફિલ્મોમાં ન આવતા યાર. બીજું કશુંક કરો, બહુ ભાગ-દોડ કરવી પડે છે. ઘણો સંઘર્ષ છે.જો એમને કરવું હોય તો, એ એમની પસંદ છે, પણ હું તો કહીશ કે કંઈક સહેલું કરો, આ બહુ અઘરું છે."આ ઈન્ટરવ્યુમાં શાહિદે તે પોતાના બાળકોને શું શીખવવા માગે છે, એ અંગે પણ વાત કરી હતી. તેણે કહ્યું,"હંમેશા એ જ કરો જે સાચું છે, હું પણ હંમેશા સાચું જ કરવાની કોશિશ કરું છું, પછી મને ગમે કે નહીં, કે પછી બીજા કોઈને ન ગમે. મને તેનાથી નુકસાન થાય તો પણ કોઈ ફેર પડતો નથી, હું હંમેશા સાચું જ કરીશ."ટૂંક સમયમાં શાહીદની 'દેવા' આવી રહી છે. જેમાં શાહિદ એક બળવાખોર પોલિસ ઓફિસરનો રોલ કરે છે. તેમાં તેની સાથે પૂજા હગડે લીડ રોલમાં હશે, જે એક પત્રકારનાં રોલમાં હશે.



# મહામંડલેશ્વર બન્યા પછી અભિનેત્રી મમતા કુલકર્ણીએ શેર કર્યો પોતાનો અનુભવ

### ૨૪ જાન્યુઆરીને સંધ્યાએ મમતાએ પોતાનું પિંડદાન કર્યું હતું, ત્યારબાદ કિન્નર અખાડામાં તેનો પટ્ટાભિષેક કરવામાં આવ્યો હતો

જાણીતી અભિનેત્રી મમતા કુલકર્ણી હવે કિન્નર અખાડાની મહામંડલેશ્વર બની ચૂકી છે. મહાકુંભ ૨૦૨૫માં મમતા કુલકર્ણીએ આસ્થાની ડૂબકી લગાવી હતી. ત્યારબાદ તેણે કિન્નર અખાડાનો ભાગ બનવાની જાહેરાત કરી હતી. ૨૪ જાન્યુઆરીને સંધ્યાએ મમતાએ પોતાનું પિંડદાન કર્યું હતું. ત્યારબાદ કિન્નર અખાડામાં તેનો પટ્ટાભિષેક કરવામાં આવ્યો હતો. મહામંડલેશ્વર બન્યા પછી મમતા કુલકર્ણીએ કહ્યું હતું કે, '૧૪૪ વર્ષ પછી આવો અવસર આવ્યો છે. ત્યારે મને મહામંડલેશ્વર બનાવવામાં આવી છે. આ આદ્યશકિત જ કરી શકે છે. મેં કિન્નર અખાડાને એટલા માટે પસંદ કર્યું કારણ કે આ અખાડામાં કોઈ પણ જાતનું બંધન નથી, આ સ્વતંત્ર અખાડો છે. તમને જીવનમાં બધું જ જોઈએ છે. પરંતુ ધ્યાન એવી વસ્તુ છે કે જે તમને ભાગ્યે જ મળે છે. સિદ્ધાર્થે (ગૌતમ બુદ્ધ) પણ જીવનમાં ઘણું બધું જોયું હતું પરંતુ પછી તેમનામાં પરિવર્તન આવ્યું હતું.' કિન્નર અખાડાનો ભાગ બન્યા પછી મમતા કુલકર્ણીએ નામ બદલાવીને શ્રી યામીની મમતા નંદ ગીરી કરી દીધું છે. મહામંડલેશ્વર બનવાનની પક્રિયાને લઈને કુલકર્ણીએ જણાવ્યું હતું કે, 'ચાર જગદગુરુએ મારી પરિક્ષા લીધી હતી. મને ઘણાં કઠિન સવાલો પૂછવામાં આવ્યા હતાં. મારા જવાબથી તેઓ સમજી ગયા કે મેં કેટલી તપસ્યા કરી છે. છેલ્લા બે દિવસથી તેઓ મને મહામંડલેશ્વર બનવાની વિનંતી કરી રહ્યા હતા.'મમતાને એ સવાલ પણ પૂછવામાં આવ્યો હતો કે, શું તે ફરીથી ફિલ્મોમાં કામ કરશે? તેના જવાબમાં મમતાએ કહ્યું હતું કે, 'આની તો હું કલ્પના પણ ન કરી શકું, આ મારા માટે શક્ય નથી. કિન્નર અખાડાના લોકો પોતે જ પરમેશ્વર છે. આ લોકો સદા શિવ આદિશક્તિના સ્વરૂપ છે. આ મારા ૨૩ વર્ષના અભ્યાસ માટે ઓલમ્પિકસ મેડલ જીતવા સમાન છે.' કિન્નર અખાડાના મહામંડલેશ્વર લક્ષ્મી ત્રિપાઠીએ મમતા અંગે જણાવતા કહ્યું હતું કે, 'છેલ્લા ૨ વર્ષોથી મમતા અમારા સંપર્કમાં હતી. તે સનાતન સાથે જોડાવવા માંગતી હતી. અગાઉ તે જુના અખાડાની શિષ્ય હતી. પછી તે અમારા સંપર્કમાં આવી હતી ત્યારે તેણે પદની માંગણી કરી હતી. ત્યારે અમે તેને બધી જ પ્રક્રિયા વિશે જણાવ્યું હતું.'૨૪ વર્ષ પછી મમતા કુલકર્ણી ભારત પરત ફરી હતી. તે ડિસેમ્બર ૨૦૨૪માં મુંબઈ એરપોર્ટ પર દેખાઈ હતી. વર્ષો બાદ મમતાને જોઈને બધા જ હેરાન રહી ગયા હતા. એવું માનવામાં આવતું હતું કે મમતા બોલિવૂડમાં વાપસી કરવા અથવા બિગ બોસ ૧૮માં એન્ટ્રી કરવા માટે ભારત આવી છે. જો કે, તેણે આ બધી અફવાઓ અને અટકળો પર પૂર્ણવિરામ મૂકતા કહ્યું હતું કે, 'હું મહાકુંભ ૨૦૨૫માં ભાગ લેવા ભારત આવી છું.'



# સૈફ અલી ખાન કેસમાં ફરીથી નવો વળાંક, ખોટા વ્યક્તિની થઈ ધરપકડ?

### સૈફ અલી ખાન પર હુમલો થયો હતો, તેના ૭૨ કલાક બાદ પોલીસે શરીફુલ ઈસ્લામની ધકપકડ

બોલિવૂડ અભિનેતા સૈફ અલી ખાન પર હુમલો થવાના કેસમાં નવો ખુલાસો થયો છે. મુંબઈ પોલીસે હુમલાના આરોપમાં બાંગ્લાદેશી નાગરિક શરીફુલ ઈસ્લામ શહજાદની ધરપકડ કર્યા બાદ એવા અહેવાલ સામે આવ્યા છે કે, ક્રાઈમ સીન પરના નિશાન સાથે તેના ફિંગરપ્રિન્ટ મેચ થયા નથી. રાજ્યની સીઆઈડીએ શહજાદના ફિંગર પ્રિન્ટ સેમ્પલનો નેગેટિવ રિપોર્ટ સબમીટ કર્યો છે. આ રિપોર્ટ મુંબઈ પોલીસ માટે ઝટકા સમાન છે અને સવાલો થઈ રહ્યા છે કે, અસલી હુમલાખોર શરીફુલ ઈસ્લામ છે કે કોઈ અન્ય?૧૬ જાન્યુઆરીએ સૈફ અલી ખાન પર હુમલો થયો હતો, તેના ૭૨ કલાક બાદ પોલીસે શરીફુલ ઈસ્લામની ધકપકડ કરી હતી. પોલીસે દાવો કર્યો છે કે, તે ચોરી કરવાના ઈરાદે સૈફના ઘરમાં ઘુસ્યો હતો અને પછી અભિનેતા પર ચાકુથી હુમલો કર્યો. મીડિયા રિપોર્ટ મુજબ, ક્રાઈમ સીન પરથી જે ફિંગરપ્રિન્ટ્સ લેવાયા હતા, તે આરોપી સાથે મેચ થયા નથી. જેથી હવે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે કે, શું પોલીસે કોઈ ખોટા વ્યક્તિની ધરપકડ કરી છે?સૂત્રોના ટાંકીને રિપોર્ટમાં કહેવાયું છે કે, શરીફુલ ઈસ્લામના ૧૦ ફિંગરપ્રિન્ટ સીઆઈડી ઓફિસમાં મોકલવામાં આવ્યા હતા. સીઆઈડીએ એક સિસ્ટમ જનરેટેડ રિપોર્ટથી પુષ્ટિ કરી છે કે, ક્રાઈમ સીન પરથી લેવાયેલા ૧૯ ફિંગરપ્રિન્ટમાંથી કોઈપણ આરોપીના ફિંગર પ્રિન્ટ સાથે મેચ થયા નથી. એવું કહેવાય છે કે, પુણેના સીઆઈડી સુપ્રીન્ટેન્ડેન્ટને શુક્રવારે રિપોર્ટ મોકલવામાં આવ્યો હતો. આ ઉપરાંત પશ્ચિમ રેલવે દ્વારા બનાવાયેલો ચહેરાની ઓળખનો રિપોર્ટ તપાસ હેઠળ છે. સૈફની બિલ્ડિંગમાંથી બહાર નીકળેલા વ્યક્તિનો ઝઝૂફ ફુટેજ પણ અસ્પષ્ટ જોવા મળી રહ્યું હતું.બીજીતરફ એવા પણ અહેવાલો સામે આવ્યા છે કે, મુંબઈ પોલીસની બે સભ્યોની ટીમ પશ્ચિમ બંગાળ પહોંચી છે. વાસ્તવમાં ધરપકડ કરાયેલા આરોપીએ સિમ કાર્ડ ખરીદવા માટે પશ્ચિમ બંગાળના એક વ્યક્તિના આધાર કાર્ડનો ઉપયોગ કર્યો હતો, જેની તપાસ કરવા મુંબઈ પોલીસ પશ્ચિમ બંગાળમાં પહોંચી છે. મુંબઈ પોલીસને આ કેસમાં એકથી વધુ વ્યક્તિઓ સંડોવાયેલા હોવાની આશંકા છે. એક પોલીસ અધિકારીએ કહ્યું કે, સૈફ પર હુમલાના દિવસે ઘરમાં હાજર સ્ટાફ સહિત તમામના લોહીના નમૂના લેવામાં આવ્યા છે.



# કોમેડી ફિલ્મો માટે જાણીતા ફિલ્મમેકર શફીએ ફાની દુનિયાને કહ્યું અલવિદા

### શફીએ ૯૦ના દાયકામાં સહાયક દિગ્દર્શક તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી

મલયાલમ ફિલ્મ ઉદ્યોગમાંથી એક દુઃખદ સમાચાર આવ્યા છે. મશહુર ફિલ્મ નિર્માતા શફીનું નિધન થયું છે. તેઓ છેલ્લા કેટલાક દિવસોથી કોચીની એક હોસ્પિટલમાં દાખલ હતા. તેમની સારવાર ચાલી રહી હતી. પરંતુ ૫૬ વર્ષની ઉંમરે તેમણે દુનિયાને હંમેશા માટે અલવિદા કહી દીધું. શફીના મૃત્યુથી તેના પરિવાર અને મિત્રોને મોટો આઘાત લાગ્યો છે.મળતી માહિતી પ્રમાણે શફીનું સાચું નામ રાશિદ એમએચ હતું. પરંતુ ઈન્ડસ્ટ્રીમાં તેઓ શફીના નામથી જાણીતા હતા. તેમને સ્ટ્રોક આવ્યો હતો, ત્યારબાદ તેમને કોચીની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. થોડા શફીએ ૯૦ના દાયકામાં સહાયક દિગ્દર્શક તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી દિવસો સુધી તેમની હાલત ગંભીર હતી અને પછી તેમનું અવસાન થયું. ઉલ્લેખનીય છે કે, શફીએ ૯૦ના દાયકામાં સહાયક દિગ્દર્શક તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. ત્યાર બાદ વર્ષ ૨૦01 માં તેમણે 'વન મેન શો' થી દિગ્દર્શક તરીકેની શરૂઆત કરી. આ ફિલ્મ હજુ પણ તેની નવીન વાર્તા કહેવા માટે જાણીતી છે.



# 'ભાભીજી ઘર પર હૈ'ના ફેમસ કોમેડિયનની આપવીતી

### નોકરીના બધા પૈસા બંગલા પાછળ ખર્ચી નાખ્યા હતા, આ સ્થિતિમાં શરૂઆતમાં ઘણો સંઘર્ષ કરવો પડયો હતો

ટીવી જગતના જાણીતા અભિનેતા સાનંદ વર્માએ ઈન્ડસ્ટ્રીમાં ૧૫ વર્ષ પૂરા કર્યા છે. તેઓ 'ભાભીજી ઘર પર હૈ' શોં દ્વારા ઘણી લોકપ્રિયતા મેળવી છે, જેમાં તેમણે સક્સેનાજીની ભૂમિકા ભજવી હતી. તાજેતરમાં સાનંદે તેમની કારકિર્દીમાં આવેલી મુશ્કેલીઓ વિશે વાત કરતા કહ્યું કે, 'મારે મારા કરિયરમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. હું શૂન્યમાંથી શરૂઆત કરીને આજે અહીં સુધી પહોંચ્યો છું.'અભિનેતાએ કહ્યુંકે, 'મેં શૂન્યથી શરૂઆત કરી હતી. અભિનયની દુનિયામાં આવતા પહેલા, હું જે નોકરી કરતો હતો તેમાંથી મળેલા તમામ પૈસા મેં મારા બંગલાની લોન ચૂકવવા માટે લગાવી દીધા. મારી પાસે હવે પૈસા બચ્યા ન હતા અને મને પૈસા બચાવવાની આદત ન હતી. હું આજ માટે જીવું છું અને પૈસા બચાવતો નથી. નોકરીના બધા પૈસા બંગલા પાછળ ખર્ચી નાખ્યા હતા. આ સ્થિતિમાં શરૂઆતમાં ઘણો સંઘર્ષ કરવો પડયો હતો. હું લોકલ ટ્રેનમાં ધક્કા ખાઈ શકતો ન હતો એટલે મેં ૫૦-૫૦ કિલોમીટર ચાલવાનું શરૂ કર્યું. જોકે શરૂઆતમાં છ મહિના સુધી આવું ચાલતું રહ્યું અને પછી મને એડ ફિલ્મો મળવા લાગી.સાનંદ વધુમાં જણાવે છે કે, જ્યારે હું ટીવી શૉ કરતો ત્યારે હું કેમિયો કરતો હતો. હું મારા અસલી ચહેરાને ઉજાગર કરવા માંગતો ન હતો, કારણ કે હું ફિલ્મ સ્ટાર બનવા માંગતો હતો. એટલા માટે હું ટીવી પર વધુ પડતો એક્સપોઝ થવા માંગતો ન હતો. પરંતુ જ્યારે મેં સુશાંતસિંહ રાજપૂતને જોયો ત્યારે તે લોકપ્રિય સિરિયલ 'પવિત્ર રિશ્તા' માં લીડ રોલ કરી રહ્યો હતો અને પછી ફિલ્મ 'કાઈ પો છે' માં દેખાયો. મેં વિચાર્યું કે જો તે આટલે સુધી પહોંચી શકે, તો હું કેમ નહીં? તે જ સમયે મને 'ભાભીજી ઘર પર હૈ' ની ઓફર મળી હતી જેને મેં સ્વીકારી લીધી. પછી મને મર્દાનીમાં ઓફર મળી અને મેં ફિલ્મોમાં પણ કામ કરવાનું શરૂ કર્યું. મેં મારી કારકિર્દીમાં અત્યાર સુધી ૨૫-૩૦ થી વધુ ફિલ્મો કરી છે.સાનંદના કહેવા પ્રમાણે તેને બાળપણથી જ અભિનયમાં રસ હતો. તેમણે કહ્યું, 'હું નેચરલ એક્ટર રહ્યો છું. મારો ઝુકાવ નાનપણથી જ અભિનયમાં રહ્યો છે. બાળપણમાં જ્યારે મેં થિયેટર કર્યું, ત્યારે પણ લોકોએ મારા ખૂબ વખાણ કર્યા. મેં ૧૨ વર્ષની ઉંમરે ૭૦ વર્ષના વૃદ્ધની ભૂમિકા ભજવી હતી. સંઘર્ષના દિવસોમાં રોજ ૫૦ કિ.મી. ચાલતો..' મને બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો હતો. સાનંદે જણાવ્યું કે, હું હવે ફિલ્મ 'આંખો કી ગુસ્તાખિયાં' માં જોવા મળીશ.





# ઝાલોદ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ભરત ટાવર પાસે ગણતંત્ર નિમિત્તે ભારત માતા પૂજન કરવામાં આવ્યું


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૭ ।

ઝાલોદ વિશ્વ હિન્દુ પરિષદ તેમજ બજરંગ દળ અને આર.એસ.એસના કાર્યકર્તાઓ દ્વારા ભરત ટાવર પાસે ભેગા થઈ ઉપસ્થિત સહુ લોકોએ ભારત માતા પૂજન કરવામાં આવેલ હતું. વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પ્રતિ વર્ષ ૧૫ ઑગસ્ટ તેમજ ૨૬ જાન્યુઆરીના રોજ ભારત માતા પૂજન કરવામાં આવે છે. ઉપસ્થિત ઝાલોદ વિશ્વ હિન્દુ પરિષદ નગર પ્રમુખ દિનેશ ઠક્કરની આગેવાની હેઠળ સહુ લોકોએ ભારત માતાના ચરણોમાં પુષ્પ ચઢાવી આશીર્વાદ લઈ પૂજન કર્યું હતું. ત્યારબાદ સહુ ઉપસ્થિત કાર્યકર્તાઓ દ્વારા હનુમાન ચાલીસા કરી ભારત માતાની આરતી કરી હતી. ઉપસ્થિત સહુ લોકોએ ભારત માતા કી જય,વંદે માતરમ્ જેવા રાષ્ટ્ર સમર્પિત નારા થી વાતાવરણ ગુંજાવી દીધું હતું.

# ઝાલોદ તાલુકાના આરોગ્ય કેન્દ્રના કર્મચારીને આરોગ્ય લક્ષી સેવાઓ માટે ગણતંત્રના દિવસે સન્માન પત્ર આપી સન્માન કરવામાં આવ્યું


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૭ ।

ઝાલોદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગરાડુના સબ સેંટર-૨ ખાતે મનીષ દલપત પંચાલને ગુજરાત સરકાર દ્વારા ચાલતી સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આરોગ્ય લક્ષી સેવાઓ ખૂબ નિષ્ઠા અને સારી રીતે નિભાવવા માટે તેમજ ૧૪ માસમાં ૪ વખત સગર્ભા બહેનોને રક્તદાન કરી નિસ્વાર્થ સેવા કરવા બદલ ઝાલોદ કલેક્ટર અને પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ ગણતંત્ર દિવસે તાલુકા કક્ષાએ યોજાનાર પ્રોગ્રામ યોજાયો ત્યાં જાહેર મંચ પર મનીષ પંચાલને સન્માન પત્ર આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

# કવિ સંમેલન અને સંપૂર્ણ વંદે માતરમ્ ગાન સાથે ૭૬માં પ્રજાસત્તાક દિવસની અનોખી ઉજવણી






। સુરત, તા.૨૭ ।

આજ રોજ ૭૬માં પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે શાળામાં ધ્વજવંદન કાર્યક્રમની સાથે-સાથે કવિ સંમેલનનું અનોખું આયોજન કરેલ હતું. વંદે માતરમ્ ગાનના ૧૫૦ વર્ષ પૂર્ણ થયાની ઉજવણીમાં કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ દ્વારા સમૂહમાં પૂર્ણ વંદે માતરમ ગીતનું સંપૂર્ણ ગાન કરવામાં આવ્યું હતું. કવિ સંમેલનમાં રાષ્ટ્રભાવના જાગૃતિની સાથે-સાથે હાસ્ય, કરુણા અને પ્રેમની લાગણી ઉત્પન્ન થાય તેવી કવિતાઓ અને ગઝલોની સુંદર રજૂઆત કવિઓ દ્વારા કરવામાં આવેલી હતી.જેમાં શાહજહા શાદજી, દર્પણ સુરતી જી, અભિષેક ભારતીજી, કેતન દવેજી, સંદિપ પૂજારા જી અનુભવી કવિઓ ઉપસ્થિત રહી પોતાના અનોખા અંદાજમાં કવિતાઓ અને ગઝલો રજૂ કરી હતી. શાળા દ્વારા થયેલ આ અનોખા પ્રયાસને સૌએ વધાવ્યો હતો. શાળા કક્ષાએ કવિ સંમેલનની આવી શુભ શરૂઆતની દરેક કવિઓએ ખૂબ જ સરાહના કરી હતી. વિદ્યાર્થીઓને કવિ કે લેખક બનવાની પ્રેરણા મળે વિદ્યાર્થીઓ જાતે પોતાનું કંઈક લેખન તૈયાર કરે અને બાળ કવિઓનું નિર્માણ થાય એ ભાવનાથી શાળા દ્વારા આ કવિ સંમેલનનું આયોજન આજના પાવન પર્વ પર કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમના અંતે શાળાના પ્રમુખશ્રી ધીરજલાલ પરડવા, નિયામક શ્રી ડૉ. ચંદુભાઈ ભાલીયા, આચાર્ય શ્રી ડૉ. રજીતા તુમ્મા દ્વારા તમામ કવિશ્રીઓને સ્મૃતિ ભેટ અર્પણ કરી ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાને ધ્યાનમાં રાખી અનોખા અંદાજમાં સ્વાગત સન્માન અને તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના HOD મિત્રો અને શિક્ષકોની ભૂમિકા ખૂબ જ મહત્વની હતી. સમગ્ર કાર્યક્રમનુ સુસારું સંચાલન ધોરણ ૯ અને ૧૧ ના બે વિદ્યાર્થીઓ અને શાળાના કવિ શ્રી અભિષેક ભારતીજી દ્વારા કરવામાં આવેલ હતું.

# થરા શ્રી ઓગડ વિદ્યામંદિર ખાતે ૭૬મા પ્રજાસત્તાક દિનની ભવ્ય ઉજવણી કરાઈ


તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૨૭ ।

આજ રોજ ૭૬માં પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે શાળામાં ધ્વજવંદન કાર્યક્રમની સાથે-સાથે કવિ સંમેલનનું અનોખું આયોજન કરેલ હતું. વંદે માતરમ્ ગાનના ૧૫૦ વર્ષ પૂર્ણ થયાની ઉજવણીમાં કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ દ્વારા સમૂહમાં પૂર્ણ વંદે માતરમ ગીતનું સંપૂર્ણ ગાન કરવામાં આવ્યું હતું. કવિ સંમેલનમાં રાષ્ટ્રભાવના જાગૃતિની સાથે-સાથે હાસ્ય, કરુણા અને પ્રેમની લાગણી ઉત્પન્ન થાય તેવી કવિતાઓ અને ગઝલોની સુંદર રજૂઆત કવિઓ દ્વારા કરવામાં આવેલી હતી.જેમાં શાહજહા શાદજી, દર્પણ સુરતી જી, અભિષેક ભારતીજી, કેતન દવેજી, સંદિપ પૂજારા જી અનુભવી કવિઓ ઉપસ્થિત રહી પોતાના અનોખા અંદાજમાં કવિતાઓ અને ગઝલો રજૂ કરી હતી. શાળા દ્વારા થયેલ આ અનોખા પ્રયાસને સૌએ વધાવ્યો હતો. શાળા કક્ષાએ કવિ સંમેલનની આવી શુભ શરૂઆતની દરેક કવિઓએ ખૂબ જ સરાહના કરી હતી. વિદ્યાર્થીઓને કવિ કે લેખક બનવાની પ્રેરણા મળે વિદ્યાર્થીઓ જાતે પોતાનું કંઈક લેખન તૈયાર કરે અને બાળ કવિઓનું નિર્માણ થાય એ ભાવનાથી શાળા દ્વારા આ કવિ સંમેલનનું આયોજન આજના પાવન પર્વ પર કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમના અંતે શાળાના પ્રમુખશ્રી ધીરજલાલ પરડવા, નિયામક શ્રી ડૉ. ચંદુભાઈ ભાલીયા, આચાર્ય શ્રી ડૉ. રજીતા તુમ્મા દ્વારા તમામ કવિશ્રીઓને સ્મૃતિ ભેટ અર્પણ કરી ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાને ધ્યાનમાં રાખી અનોખા અંદાજમાં સ્વાગત સન્માન અને તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના HOD મિત્રો અને શિક્ષકોની ભૂમિકા ખૂબ જ મહત્વની હતી. સમગ્ર કાર્યક્રમનુ સુસારું સંચાલન ધોરણ ૯ અને ૧૧ ના બે વિદ્યાર્થીઓ અને શાળાના કવિ શ્રી અભિષેક ભારતીજી દ્વારા કરવામાં આવેલ હતું.

# ઝાલોદ કેળવણી મંડળ સંચાલિત બી.એમ.હાઈસ્કૂલ ખાતે ૭૬ માં ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૭ ।

ઝાલોદ નગરના કેળવણી મંડળ સંચાલિત સ્કૂલના પ્રાંગણમાં ૭૬ માં ગણતંત્ર દિવસની ઉજવણી આન-બાન-શાન સાથે કરવામાં આવી હતી. ઝાલોદ કેળવણી મંડળના પ્રમુખ પટેલ દ્વારા ધ્વજ વંદન કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કેળવણી મંડળના હોદ્દેદારો, નગરજનો, સ્કૂલ સ્ટાફના આચાર્યો, શિક્ષકો, વાલીઓ તેમજ સ્કૂલના બાળકો વિશેષ ઉપસ્થિત રહેલ હતા. સ્કૂલમાં ગણતંત્ર દિવસ નિમિતે વિવિધ દેશ ભક્તિના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવેલ હતા. આ પ્રોગ્રામમાં બાળકોએ ઉમંગભેર ભાગ લઈ પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો. કેળવણી મંડળના પ્રમુખ અતુલ પટેલ દ્વારા પ્રાસંગિક પ્રવચનમાં દેશની સિદ્ધિ ઓ વિશે વિવિધ દ્રશ્ટાંત આપી માહિતી આપી. છેલ્લે ભારત માતા કી જય, વંદે માતરમ્ તેમજ મેરા ભારત મહાન જેવા દેશ ભક્તિ સૂત્રો સાથે જયઘોષ અતુલ પટેલ દ્વારા કરવામાં આવ્યો હતો. સાથે સાથે કેળવણી મંડળ સંચાલિત તમામ શાળાઓના વિધાર્થીઓને વ્યસન મુક્ત બને તેમજ એક આદર્શ શાળા બને તેવા મુદ્દાઓ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો. છેલ્લે કેળવણી મંડળના આમંત્રણ ને માન આપી પધારેલ સહુ લોકોનો આભાર માનવામાં આવ્યો હતો.

# ઝાલોદ રામસાગર તળાવ કિનારે નગરમાં પીવાના સપ્લાય કરવા માટે પાણીની નવીન ટાંકીનુ મંથર ગતિએ ચાલતું કાર્ય

## જૂની ટાંકી છે તે પાણીની ટાંકી ખુલ્લી જોવા મળી : તંત્રની જોવા મળતી બે દરકારી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૭ ।

ઝાલોદ નગરમાં પાણીની ટાંકી જે પાણીનો સપ્લાય નગરમાં કરવામાં આવતો હતો તેવી બે ટાંકી હતી સમય જતાં એક ટાંકી નબળી પડતાં નગરપાલિકા દ્વારા તે ટાંકીને તોડી નવી બનાવવા માટેનું કાર્ય આરંભ કરવામાં આવ્યું હતું. એક વર્ષ ઉપરાંત સમય વીતી જવા છતાંય નવીન ટાંકી હજુ સુધી બની તૈયાર નથી થઈ.

નગરમાં ગરમીનો સમય નજીક આવી રહેલ છે અને જો પાલિકા આવામાં દરરોજ પીવાનુ પાણી પૂરુંનથીકરતીતોતેવામાંનગરજનોનેભારેહાલાકી વેઠવી પડે છે અને નગરજનો ને જરૂર પ્રમાણે પાણી ન મળતાં ઘણી વાર પાણીના ટેક્રો પણ મંગાવવા પડે તેવો સમય પણ આવે છે. ગત વર્ષે પણ ગરમીના સમયમાં પાણી ન મળતાં નગરજનો ને આવી સમસ્યાનો સામનો કરવો પડેલ હતો જેથી નગરજનો એવી માંગ કરી રહેલ છે કે જે નવીન ટાંકી બની રહેલ છે તેનું કાર્ય ઝડપી બને જેથી આવનાર ગરમીના સમયમાં પાણીની હાલાકી નગરજનોને વેઠવી ન પડે.

હાલ નગરપાલિકાની જે જુની ટાંકી જે પાણી સ્ટોરેજ કરે છે તે પ્રત્યે જવાબદાર તંત્ર દ્વારા ગંભીર બેદરકારી જોવા મળી હતી. આ સ્ટોરેજ કરવામાં આવતા પાણીની ટાંકી ઉપર કોઈ પણ જાતના ઢાંકણ જોવા નથી મળતા જેથી આ પાણીની ટાંકી ની અંદર કચરો ઉડીને પડે છે તેમજ પક્ષી ઓ પણ અહીંયા આવતા જતા હોવાથી તેઓ પણ આ પાણી ગંદુ કરે છે. આવું ગંદુ પાણી નગરમાં સપ્લાય કરવામાં આવતા નગરપાલિકા નગરના લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતું હોય તેમ લાગી રહેલ છે. નગરમાં પાણી જન્ય રોગો પ્રત્યે નગરપાલિકા જાતે ગંભીર નથી તેવું લાગી રહેલ છે. હવે જોવાનું રહ્યું નગરપાલિકા આ કામગીરી માટે તકેદારી રાખશે કે સબ ચલતા હૈ ની જેમ ચાલવા દેશે.

# સુરત જિલ્લાના ઉમરપાડા ખાતે ૭૬મા પ્રજાસત્તાક પર્વની આન, બાન અને શાન સાથે ઉજવણી



। (માહિતી) સુરત, તા.૨૭ ।

રાષ્ટ્રની આન, બાન અને શાન સમા -૨૬મી જાન્યુ- ૭૬મા પ્રજાસત્તાક પર્વની સુરત જિલ્લાકક્ષાની ઉજવણી ઉમરપાડા તાલુકાના વાડી સૈનિક સ્કૂલ ખાતે શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી.

મંત્રીશ્રીએ પરેડનું નિરીક્ષણ અને ત્રિરંગાને સલામી આપી પ્રજાસત્તાક પર્વની સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. દેશભક્તિના ઉમંગભર્યા માહોલમાં થયેલી ઉજવણી દરમિયાન મંત્રીશ્રીએ સ્થાનિક નગરજનો, વિદ્યાર્થીઓનું અભિવાદન ઝીલ્યું હતું. ઉમરપાડા તાલુકાના વિકાસ માટે રૂ.૨૫ લાખનો ચેક મંત્રીશ્રીના હસ્તે જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીને એનાયત કરાયો હતો. આ પ્રસંગે શિક્ષણમંત્રીશ્રીએ આઝાદીની લડાઈમાં યોગદાન આપનારા સ્વાતંત્ર્યસેનાનીઓ, ક્રાંતિકારીઓ અને બંધારણના ઘડવૈયાઓનું સ્મરણ કરતાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, લોખંડી પુરૂષ અને દેશને એકતાના તાંતણે બાંધનાર સરદાર વલ્લભભાઈ પટેલ, બંધારણ ઘડવૈયા, શહીદ ભગતસિંહ, સુખદેવ, રાજગુરૂ જેવા નામી-અનામી વીરલાઓએ રાષ્ટ્રના આઝાદી, સાર્વભૌમત્વ અને રાષ્ટ્રનિર્માણનો પાયો નાંખ્યો હતો. પ્રજાસત્તાક પર્વે દેશના નાગરિકોને રાષ્ટ્રના વિકાસ, એકતા અને સમરસતાના યજ્ઞમાં યોગદાન આપવાનું આહવાન કરતા તેમણે કહ્યું કે, દેશ આજે ઉન્નતિની નવી દિશામાં જઈ રહ્યો છે. ભારત વિકાસ અને રાષ્ટ્રવાદની ખરી અનુભૂતિ કરી રહ્યો છે. આવનારી પેઢીને સ્વસ્થ બનાવવા માટે પ્રાકૃતિક ખેતીની આહલેક સાથે ગુજરાત દેશમાં લીડ લઈ રહ્યું છે જે બદલ ખેડૂતો, કૃષિ વિભાગના અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા. આઝાદીના અમૃતકાળને કર્તવ્યકાળમાં પરિવર્તિત કરવા આપણે સૌ સાથે મળીને 'વિકસિત ભારત' ના નિર્માણ માટે 'વિકસિત ગુજરાત'ના સંકલ્પને સાકાર કરવામાં આપણું શ્રેષ્ઠ યોગદાન આપીએ એવી તેમણે સૌને પ્રેરણા આપી હતી. ભારતીય બંધારણની મહાનતા, લોકશાહી મૂલ્યોની જાળવણી અને રાષ્ટ્રવંદના સમાન આ ઉજવણીના પાવન અવસરે તેમણે કહ્યું કે, પ્રજાસત્તાક પર્વ ભારતની લોકશાહીના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું પ્રતિક છે. ડો.બાબાસાહેબ આંબેડકરના સામાજિક સમરસતાના વિઝનથી દેશનું બંધારણ આકાર પામ્યું જેથી આજે દેશનો જનજન આગવા બંધારણીય અધિકારો થકી લોકશાહીની મુક્ત હવામાં શ્વાસ લઈ રહ્યો છે. આજના યુવાનોને ડ્રગ્સ, આલ્કોહોલ સહિતના વ્યસનોથી દૂર રહીને રાષ્ટ્રની સમૃધ્ધિ માટે કર્મ કરવાની શીખ આપી ઉમેર્યું કે, યુવાનો પર રાષ્ટ્રની પ્રગતિનો આધાર રહેલો હોય છે.

# 30-31 જાન્યુઆરી બાદ કમોસમી વરસાદ થઈ શકે : અંબાલાલ પટેલ

। અમદાવાદ, તા.૨૭ ।

ગુજરાતમાં વધુ એક માવઠાની આગાહી છે. ૩૦-૩૧ જાન્યુઆરી બાદ ગુજરાતમાં કમોસમી વરસાદ આવી શકે છે. આગાહીકાર અંબાલાલ પટેલે તેની આગાહી કરી છે. હવામાન નિષ્ણાતે ૨૭ તારીખ સુધી ઠંડી રહેવાની શકયતા વ્યક્ત કરી છે. સાથે જ ૫ ફેબ્રુઆરી સુધી માવઠાની શક્યતા છે અને ફેબ્રુઆરી બાદ ધીમે ધીમે ઉનાળાની શરૂઆત થશે તેવી ભવિષ્યાવાણી કરી છે. હવામાનના જાણકાર અંબાલાલ પટેલે કહ્યું કે, ઠંડી લગભગ ઉત્તર ગુજરાતના ભાગોમાં ૨૭ જાન્યુઆરી સુધી સવારના ભાગોમાં રહેવાની શક્યતાઓ છે. ૨૮ જાન્યુઆરીથી મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં વાદળો આવી શકે છે. ૨૮ મી જાન્યુઆરીએ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ દેશના ઉત્તર પર્વતીય પ્રદેશોમાં આવશે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે પિતા તમને સંપત્તિના વારસામાંથી બેદખલ કરી શકે છે.પણ હિંમત હારતા નહીં. ઐશ્વર્ય મનને લાડ લડાવે છે જ્યારે અછત તેને મજબૂત બનાવે છે. આજે પાર્ટી માં તમારી મુલાકાત કોઈ એવા માણસ થી થયી શકે છે જે તમને નાણાકીય પક્ષ મજબૂત કરવા માટે મહત્વપૂર્ણ સલાહ આપી શકે છે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ? તમારી સમયસરની મદદ કોઈકનું જીવન બચાવશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારી ધીરજ ખોતા નહીં ખાસ કરીને મુશ્કેલીના સમયમાં. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. તમારૂં ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રબુદ્ધ બનાવશે. આવું ઈમાનદાર સ્મિત ધરાવનારનો સામનો બહુ ઓછા લોકો કરી શકે છે. તમારૂં ધૂંધળું જીવન તમારા જીવનસાથીને ટૅન્શન આપશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્ત્રોત બનશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે. કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો-તમારા મિત્રો સાથે વધુ સમય વિતાવો- એનાથી તમને સારું લાગશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. ગ્રહ નક્ષત્રો ની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજ ના દિવસે તમારે તમારા ધન ની ખાસ શુક્રક્ષ રાખવી જોઈએ? પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્ત્રોત બનશે. તમારો પ્રેમ અસ્વીકારને આમંત્રમ આપશે. તમારી કમાવવાની ક્ષમતા કઈ રીતે વધારવી તે માટેની જાણકારી તથા શક્તિ તમારામાં હશે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ. બાળકો તમારૂં ધ્યાન માગે છે પણ બદલામાં ખુશીઓ આપે છે. થોડા ઘણાં સંઘર્ષ છતાં, આજે તમારૂ પ્રેમ જીવન સારૂ રહેશે અને તમે તમારા જીવનસાથી ને ખુશ રાખવા માં સમર્થ હશો.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ સુધારવા માટે ગંભીર પ્રયાસ હાથ ધરો. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. તમારા માતા-પિતાને ખુશ કરવામાં તમને મુશ્કેલી પડશે. હકારાત્મક પરિણામ આપવા માટે સમજવાનો પ્રયાસ કરો તથા પરિસ્થિતિને તેમના દૃષ્ટિકોણથી જોવાની કોશિષ કરો.



**મકર (ખ,જ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. આજે તમે તમારા જીવન ની મુશ્કેલીઓ તમારા જીવનસાથી સાથે વહેંચવા માંગો છો.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. બાળકો શાળાને લગતા પ્રૉજેક્ટ્સ વિશે સલાહ માગી શકે છે. તમારા પ્રિયપાત્ર આજે રૉમેન્ટિક મૂડમાં રહેશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તાણથી મુક્ત થવા માટે તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. બાળકોમાં રહેલી ઈલાજની શક્તિની અનુભૂતિ તમને થશે. કેમ કે તેઓ આ પૃથ્વી પરના સૌથી આધ્યાત્મિક અને સંવેદનશીલ વ્યક્તિઓમાં છે. તમને જાતે જ લાગશે કે તમારામાં શક્તિનો સંચાર થયો છે. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સૌને પ્રજાસત્તાક દિવસની શુભેચ્છા પાઠવી
























પ્રજાસત્તાક દિવસ નિમિત્તે સૌને શુભેચ્છા પાઠવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે આજે આપણે પ્રજાસત્તાક હોવાના ૭૫ ગૌરવશાળી વર્ષો ઉજવી રહ્યાં છીએ. આપણે તે બધી મહાન મહિલાઓ અને પુરુષોને નમન કરીએ છીએ જેમણે આપણા બંધારણનું નિર્માણ કર્યું અને ખાતરી કરી કે આપણી યાત્રા લોકશાહી, ગૌરવ અને એકતામાં મૂળ ધરાવે છે. આ અવસર આપણા બંધારણના આદર્શોને જાળવવા અને મજબૂત અને સમૃદ્ધ ભારત તરફ કામ કરવાના આપણા પ્રયાસોને મજબૂત બનાવે.

### મહારાષ્ટ્ર અને હિમાચલ પ્રદેશ જેવો નિયમ લાગુ

# આસામ પહેલા દેશના ઘણા રાજ્યોએ બે પાટનગર બનાવ્યા છે

## હવે ડિબ્રુગઢને પણ આસામનું પાટનગર બનાવવામાં આવશે, હાલમાં દિસપુર આસામનું પાટનગર છે : સીએમ

। (એજન્સી) દીસપુર, તા.૨૭ ।

ભારતમાં તમામ રાજ્યોનું પોતાનું પાટનગર હોય છે, જ્યાંથી સમગ્ર રાજ્યનું કામકાજ થાય છે અને લોકો માટે નીતિઓ તૈયાર કરવામાં આવે છે. જોકે, કેટલાક રાજ્યો એવા છે કે જ્યાં એક નહીં પણ બે-બે પાટનગર છે. હવે આ યાદીમાં આસામનું નામ પણ ઉમેરાશે. આસામના સીએમ હિમંતા બિસ્વા સરમાએ એલાન કર્યું છે કે, હવે ડિબ્રુગઢને પણ આસામનું પાટનગર બનાવવામાં આવશે. હાલમાં દિસપુર આસામનું પાટનગર છે. ત્યારબાદ હવે આગામી થોડા મહિનામાં ડિબ્રુગઢને બીજુ પાટનગર તરીકે વિકસાવવામાં આવશે. આવી સ્થિતિમાં અમે તમને જણાવીશું કે, આ પહેલા દેશના કયા રાજ્યોમાં બે પાટનગર છે. આસામ પહેલા દેશના ઘણા રાજ્યોએ બે પાટનગર બનાવ્યા છે, સામાન્ય રીતે રાજ્ય સરકારો આવું એટલા માટે કરે છે, કારણ કે તેમને તે વિશેષ સ્થળ અથવા જિલ્લાનો પણ વિકાસ કરવાનો હોય છે. પાટનગર બન્યા બાદ તે જગ્યાએ ઘણા પ્રકારના કામ શરૂ થાય છે અને લોકોને પણ તેનો લાભ મળે છે. હિમાચલ પ્રદેશના પણ બે પાટનગર છે. હિમાચલની રાજધાની શિમલા છે, પરંતુ ધર્મશાળાને શિયાળુ પાટનગર બનાવવામાં આવ્યું છે.

### પિંડદાન બાદ સંતોની હાજરીમાં પટ્ટાભિષેક

# ભાજપના ધારાસભ્ય નિર્મલ અખાડાના મહામંડલેશ્વર બન્યાં

## સાધુ-સંતોએ ચાદર ઉઠાવીને પ્રવક્તાનંદને આશીર્વાદ આપ્યા હતા : જૂના અખાડાએ પણ ૯ સંતોને મહામંડલેશ્વર બનાવ્યા

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૨૭ ।

સંગમ નગરી પ્રયાગરાજમાં ચાલ રહેલા મહાકુંભમાં અખાડા પોત-પોતાના મહામંડલેશ્વર અને મહંત બનાવી રહ્યા છે. ત્યારે હવે આ યાદીમાં પીલીભીત જિલ્લાની બરખેડા વિધાનસભાથી ભાજપના ધારાસભ્ય સ્વામી પ્રવક્તાનંદનું નામ પણ જોડાઈ ગયું છે. નિર્મલ અખાડાએ પ્રવક્તાનંદને પોતાના મહામંડલેશ્વર બનાવ્યા છે. પિંડદાન બાદ સંતોની હાજરીમાં પટ્ટાભિષેક કરવામાં આવ્યો છે. તમામ સાધુ-સંતોએ ચાદર ઉઠાવીને પ્રવક્તાનંદને આશીર્વાદ આપ્યા છે. આ ઉપરાંત સૌથી જૂના અખાડાએ પણ ૯ સંતોને મહામંડલેશ્વર બનાવ્યા છે. અક્રિયધામ ખમરિયા પીલીભીતના પીઠાધીશ્વર સ્વામી પ્રવક્તા વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં બરખેડા બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા અને ૨૦૦૩માં તેમના ગુરુ સ્વામી અલકનંદાએ તેમને દીક્ષા અપાવી હતી, ત્યારથી તેઓ સમાજ સેવાનું કાર્ય કરી રહ્યા છે. પ્રવક્તાનંદ બાળપણથી જ આ સંત પરંપરાનું પાલન કરી રહ્યા હતા. ત્યારે હવે રવિવારે નિર્મલ અખાડાએ તેમને મહામંડલેશ્વર બનાવી દીધા છે. બીજી તરફ સૌથી જૂના અખાડાએ પણ ૯ સંતોને મહામંડલેશ્વર બનાવ્યા છે.

### CM સ્ટાલિને કેન્દ્રને કરી મદદની અપીલ

# ૩૪ ભારતીય માછીમારોની શ્રીલંકા દ્વારા કરાયેલી ધરપકડ

## અમારા માછીમારોની વારંવાર અટકાયતથી દરિયાકાંઠાના સમુદાયો તેમના ભવિષ્ય વિશે ભારે ચિંતિત છે : સ્ટાલિન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

શ્રીલંકન નેવીએ ફરી એકવાર મોટી સંખ્યામાં ભારતીય માછીમારોની ધરપકડ કરી છે. શ્રીલંકાના નૌકાદળ દ્વારા બે અલગ-અલગ ઘટનાઓમાં ઓછામાં ઓછા ૩૪ ભારતીય માછીમારોની ધરપકડ કરવામાં આવી છે, અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. આ સાથે માછીમારોની બોટ પણ જપ્ત કરવામાં આવી છે. આ ધરપકડ તમિલનાડુના ધનુષકોડી પાસે કરવામાં આવી છે. આ ઘટના બાદ તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને કેન્દ્ર સરકારને આ મામલે નક્કર રાજદ્વારી પગલાં ભરવાની અપીલ કરી છે. તમિલનાડુના મુખ્યપ્રધાન એમકે સ્ટાલિને કેન્દ્ર સરકારને માછીમારોને બચાવવા માટે પગલાં લેવા વિનંતી કરી છે. સ્ટાલિને કહ્યું છે કે ધરપકડ કરાયેલા માછીમારોમાંથી ૩૨ તમિલનાડુ અને ૨ કેરળના છે. સ્ટાલિને કહ્યું, અમારા માછીમારોની વારંવાર અટકાયતથી દરિયાકાંઠાના સમુદાયો તેમના ભવિષ્ય વિશે ચિંતિત છે. શ્રીલંકાની નૌકાદળ દ્વારા અમારા માછીમારોની ધરપકડ થતા રોકવાનો સમય આવી ગયો છે. નક્કર રાજદ્વારી પગલાં લેવા જોઈએ. શ્રીલંકાના અધિકારીઓએ જણાવ્યું હતું કે નૌકાદળે નિયમિત પેટ્રોલિંગ દરમિયાન ૨૫ અને ૨૬ જાન્યુઆરીએ શ્રીલંકાના જળસીમામાં મન્નાર જિલ્લાના દરિયાકાંઠેથી બેની ધરપકડ કરી હતી.





૭૬મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે કર્ણાવતી મહાનગર ભાજપ કાર્યાલય જે.પી. ચોક ખાતે ધ્વજવંદન કાર્યક્રમ મહાનગર ભાજપ અધ્યક્ષ અને એલિસબ્રિજ વિધાનસભાના ધારાસભ્ય અમિતભાઈ પી. શાહના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. મહાનગરના સૌ નગરજનોને શુભેચ્છા પાઠવતા અમિતભાઈ પી. શાહે જણાવ્યું કે પ્રજાસત્તાક દિવસ નિમિત્તે હું સમગ્ર દેશવાસીઓને શુભકામના પાઠવું છું સાથે આપણો દેશ ઉતરોતર પ્રગતિ કરે તેવી ઈશ્વરને પ્રાર્થના કરું છું. આ પ્રસંગે સાંસદ દિનેશભાઈ મકવાણા, મહાનગર સંગઠનના પદાધિકારી, ધારાસભ્ય, કોર્પોરેશનના પદાધિકારી, કાઉન્સિલરઓ, કાર્યકર્તા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## દોઢ વર્ષની માસૂમ બાળકીને પાણીના ટાંકામાં નાખી કરી હત્યા

। (એજન્સી) તાપી, તા.૨૭ ।

સોનગઢ તાલુકાના કુંકડાડુંગરી ગામે પાણીની ટાંકીમાંથી બાળકીની હત્યા કરાયેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી છે. સમગ્ર મામલે પોલીસે હત્યા ગુનામાં બાળકીના પિતાની અટક કરી છે. જેમાં પિતાએ ઘર કંકાસના ઝગડામાં હત્યા કરી હોવાનું ખુલ્યું છે. તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના કુંકડાડુંગરી ગામેથી એક દોઢ વર્ષની બાળકીની હત્યા કરાયેલી હાલતમાં મૃતદેહ પાણીના ટાંકામાંથી મળી આવતા ચકચાર મચી હતી. પોલીસે ડોગસ્ક્વોડ સહિતના વિવિધ તપાસ માધ્યમો થકી તપાસ હાથ ધરી ગણતરીના કલાકોમાં અનસુલઝી ગૂંથથીને સુલઝાવીને આ પ્રકરણમાં સોનગઢ પોલીસે હત્યા કરનારને ઝડપી લીધો છે. જેમાં ખુદ બાળકીના પિતાએ ટાંકીના પાણીમાં ડુબાડી દઈ હત્યા કરી હોવાનું બહાર આવ્યું છે. જેને લઈ બાળકીના પિતા વિરલ ગામીતની પોલીસે અટક કરી કોર્ટ કસ્ટડીમાં ધકેલી દીધો છે. પોલીસ પૂછપરછમાં હત્યારા પિતાએ નિર્દોષ બાળકીની હત્યા ઘરકંકાસના ઝગડાને લઈ કરી હોવાની કબૂલાત કરી છે ત્યારે હાલતો પોલીસે અલગ અલગ દિશામાં તપાસ હાથ ધરી છે. અને હત્યાનું સાચું કારણ શોધવાની તજવીજ હાથ ધરી છે. ત્યારે ક્રૂર પિતાની આ કારતૂતને લઈ પંથકમાં ચકચાર મચી જવા પામી છે. આ ઘટના અંગે નાયબ પોલીસ અધિક્ષક ઈશ્વર પરમારે જણાવ્યા કે, ૨૫ જાન્યુઆરીના રોજ હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો હતો. જેમાં કુકડાડુંગરી ગામમાં આરોપી વિરલ ગામીતે પોતાની દોઢ વર્ષની દીકરીને ધાબા પર રહેલી પાણીની ટાંકીમાં નાખીને હત્યા કરી છે. પ્રાથમિક તપાસમાં ઘરકંકાસના કારણે હત્યા કરી હોવાનું બહાર આવ્યું છે. પોલીસે હાલ આરોપી પિતાની ધરપકડકરીઆગળનીતપાસહાથધરીછે. પોલીસે આરોપી પિતાની ધરપકડ કરી તેને કોર્ટમાં રજૂ કર્યો છે. હાલ તો આરોપી પિતાને પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે. પોલીસે હત્યાનું કારણ જાણવા તપાસ હાથ ધરી આ મામલે પોલીસ હાલ હત્યાનું ચોક્કસ કારણ જાણવા માટે વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે. એક પિતા દ્વારા પોતાની જ માસૂમ દીકરી સાથે આવી ક્રૂરતા આચરવામાં આવી હોવાથી લોકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

### જયેશ રાદડિયાએ જાહેરમાં કોને ઝાટકી નાંખ્યા?

## સમાજની ૨ ટકા ટપોરી ગેંગ હવનમાં હાડકા નાંખવાનું બંધ કરે

। (એજન્સી) રાજકોટ, તા.૨૭ ।

જામકંડોરણા ખાતે ૯મો શાહી સમુહલગ્નોત્સવ યોજાયો જતો,સાથે જામકંડોરણા ખાતે યોજાયેલા ૫૧૧ લેઉઆ પટેલ સમાજની દીકરીઓના શાહી સમૂહ લગ્નોત્સવ જેતપુરના ધારાસભ્ય જયેશભાઇ રાદડિયાના યજમાનપદે યોજાયો હતો. શાહી સમૂહ લગ્નોત્સવ ઉજવાયો હતો, સાથે સમૂહ લગ્નમાં જોડાનાર ૫૧૧ વર-વધુનો વિન્ટેજ કારમાં વિશાળ વરઘોડો નીકળતો હતો. ધારાસભ્ય જયેશ રાદડિયા ૫૧૧ દિકરીઓનું કન્યાદાન કર્યું હતું. સમૂહ લગ્નમાં ૧૦ હજાર જેટલા સ્વયં સેવકો સાથે ૭૫ વિઘામાં ૨ લાખ લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે રોમન અને ભારતીય સંસ્કૃતિની ઝાંખી દર્શાવતા સેટ સમૂહ લગ્નનું આકર્ષણ બન્યા હતા. એક દીકરીને ૩ લાખનું કરિયાવર આપવામાં આવ્યું હતું. પ્રેમનું પાનેતર સમૂહ લગ્નમાં ધારાસભ્ય અને લેવા પાટીદાર અગ્રણી જયેશ રાદડિયા પ્રેમના પાનેતર સમૂહ લગ્નમાં વિરોધીઓ ઉપર ખુલીને વરસ્યા હતા. લેઉઆ પટેલ સમાજ ના કેટલાક અગ્રણીઓ અને એમના વિરોધીઓ પર તીખા તેવર બતાવ્યા હતા. જેતપુરના ધારાસભ્ય જયેશ રાદડિયાએ પ્રેમના પાનેતર ૫૧૧ સમૂહ લગ્ન માં લેવા પટેલ સમાજના લોકોને સંબોધિયા હતા આ સમયે તેમણે નિવેદન આપતા કહ્યું હતું કે ૨ લાખથી વધુ લેવા પટેલ સમાજ આ ઘડીનો સાક્ષી બન્યો છે. આ સમયે તેમણે સમાજના દાતાઓનો આભાર માનયો હતો. વધુમાં તેમણે કહ્યું હતું કે, રાજકીય માણસ હોવા છતાં દાતાઓએ મારા પર ભરોસો મૂક્યો છે, લેઉવા પટેલ સમાજ તાકાત વારો છે આ સમાજ ગરીબ નથી. જોકે આ પછી તેમણે વિરોધીઓ પર પ્રહારો કરવાનું શરૂ કર્યું હતું. તેઓએ કહ્યું હતું કે હું સમૂહ લગ્ન ન કરું તો મને કોઈ કહેવા આવવાનું નહોતું. સમાજની અંદર બે પાંચ લોકોની ટપોરી ગેંગ હવનમાં હાડકા નાખવાનું કામ કરે છે, જે રાજકારણમાં નથી એ સમાજમાં રાજકારણ કરે છે, રાજનીતિમાં ન હોવા છતાં મને પાડી દેવાના પ્રયાસ કરી રહ્યા છે. જયેશ રાદડિયાએ લેઉવા પટેલ સમાજને ટકોર કરતા કહ્યું હતું કે, આવી ટોળકીને સમજે ઓળખવાની જરૂર છે, હું જુનાગઢ સમાજના કામ કરવા જાવ છું ત્યાં મારે મત લેવા જવાની જરૂર નથી.

### AMTS બસ રિપેર કરતા બે ફોરમેન કચડાયા

## ઘોડાસર બ્રિજ પર ટ્રકે રિપેરીંગ કરતા બે ફોરમેનને કચડ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદના રસ્તા પર ફરી લોહીની નદી વહી છે. અમદાવાદના પૂર્વ વિસ્તારમાં ઘોડાસર ઓવરબિજ પર ગંભીર અકસ્માત સર્જાયો હતો. એએમટીએસ બસ રિપેર કરતા બે ફોરમેનને આઈસર ટ્રકે કચડ્યા હતા. જ્યાં સ્થળ પર જ બે ફોરમેનના મોત નિપજ્યા હતા. ટ્રાફિક પોલીસ ઘટના સ્થળ પર પહોચી તપાસ શરૂ કરી દીધી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, એક એએમટીએસ બસ બંધ થતા બીજી બસ દ્વારા ટોઈંગ કરવામાં આવી હતી. બ્રિજ પર ટોઈંગ છૂટી જતા ફરી જોડાણ કરવાની કામગીરી ચાલી રહી હતી. ત્યારે પાછળથી આઈસરે ટ્રકે એએમટીએસ બસને ટક્કર મારી હતી. આઈસરે બસને ટક્કર મારતા બંને બાદ વચ્ચે કામ કરી રહેલા ફોરમેનના હૃદયાનંદ રામલક્ષ્મણ યાદવ અને રોનક દિનેશભાઈ શ્રીમાળી મોત નિપજ્યા હતા. આ અકસ્માતની જાણ થતા જ ટ્રાફિક પોલીસ ઘટના સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી છે. અકસ્માત થતા ઓવરબિજને એક તરફથી બંધ કરવામાં આવ્યો હતો. તો બીજી તરફ, ટ્રાફિક પોલીસે આઈસર ટ્રક ચાલકની અટકાયત કરી છે. તો બીજી તરફ, બંને ફોરમેનના પરિવારજનો ઘટના સ્થળે પહોંચતા જ માહોલમાં ગમગીની છવાઈ હતી. પરિવારજનોએ આક્રંદ મચાવ્યો હતો. આઈસર ટ્રકની એક ભૂલને કારણે બે ફોરમેને પોતાના જીવ ગુમાવ્યા હતા. પોલીસ કાર્યવાહી બાદ બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવાયા છે.

## રેલ સંરક્ષામાં ઉત્કૃષ્ટ કાર્ય બદલ ત્રણ રેલવે કર્મચારીઓ સન્માનિત



। અમદાવાદ, તા.૨૭ ।

પશ્ચિમ રેલવે ના અમદાવાદ મંડળ પર મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માએ મંડળ ના ૦૩ રેલવે કર્મચારીઓનું સુરક્ષિત ટ્રેન સંચાલનમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માન કર્યું. આ રેલવે કર્મચારીઓ ને ફરજ દરમિયાન તેમની સજાગતા અને સતર્કતાને કારણે અનિચ્છનીય ઘટનાઓને રોકવામાં યોગદાન આપવા બદલ પ્રમાણપત્રો અને સ્મૃતિચિહ્નોથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સિનિયર ડિવિઝનલ સંરક્ષા અધિકારી શ્રી ઉમેશ પ્રસાદે માહિતી આપતાં જણાવ્યું હતું કે શ્રી રામાવતાર કુમાવત સ્ટેશન માસ્ટર-છારોડી, શ્રી રાકેશ કુમાર સ્ટેશન માસ્ટર-સાણંદ અને શ્રી અહેમદ શેખ-પોઈન્ટ્સ મેઈન-વિરોચન નગરે અણધારી ઘટનાઓ જેમકે કોચમાંથી તણખા નીકળતા જોતાં તાત્કાલિક પગલાં લેવા, વેગનમાંથી ધુમાડો નીકળતો જોવા તથા હેન્ડ બ્રેકનો સળિયો લટકતો જોઈને તાત્કાલિક યોગ્ય પગલાં લેવાથી સંભવિત નુકસાન થી બચાવવામાં આવ્યું હતું.

મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માએ આ સતર્ક સંરક્ષા રેલવે ગાર્ડ ને પ્રોત્સાહિત કર્યા અને કહ્યું કે મુસાફરોની સલામતી અમારી ટોચની પ્રાથમિકતા છે અને જ્યારે રેલવે કર્મચારીઓ તેમની ફરજ દરમિયાન સતર્કતા અને સાવધાની સાથે કામ કરે છે, ત્યારે તે અમને સુરક્ષિત ટ્રેન સંચાલનમાં મદદ કરે છે. અમને આ રેલ્વે કામદારો પર ગર્વ છે.

### સીએમ, ગૃહ રાજ્યમંત્રીએ સૌનું સ્વાગત અને પૂજાવિધિ કરી

## ગાંધીનગરથી ચલો કુંભ ચલે યાત્રાનો ધર્મે - રંગે પ્રારંભ

### સોમવારથી દરરોજ સવારે ૭ વાગ્યે રાણીપ એસ.ટી ડેપો, અમદાવાદથી એસી વોલ્વો બસ પ્રયાગરાજ જવા નિકળશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૭ ।

ગાંધીનગરથી ચલો કુંભ ચલે યાત્રાનો ધર્મે – રંગે પ્રારંભ થઈ ગયો છે. પ્રયાગરાજ જવા માટે એકત્ર થયેલા શ્રદ્ધાળુઓનું સીએમ ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સ્વાગત કર્યું હતું તેથા પૂજાવિધિ બાદ યાત્રાની બસને રવાના કરાવવામાં આવી હતી.

ગુજરાતના શ્રદ્ધાળુઓ પોતાના પરિવારજનો સાથે પ્રયાગરાજ મહાકુંભમાં આસ્થાની ડૂબકી લગાવી શકે તે માટે પ્રયાગરાજ યાત્રા સરળ બનાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતથી દરરોજ પ્રયાગરાજ એસી વોલ્વો બસ શરૂ કરવામાં આવી છે. તે અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રયાગ રાજ જતી પ્રથમ બસ ને ગાંધીનગર સર્કિટ હાઉસથી કેસરી ઝંડી આપી 'ચલો, કુંભ ચલે' યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. ભારતીય સંસ્કૃતિ અને પરંપરા મુજબ મંત્રોચ્ચાર તેમજ વિધિ સાથે



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ પ્રથમ વોલ્વો બસમાં પ્રયાગરાજ જઈ રહેલા તમામ શ્રદ્ધાળુઓને સન્માનપૂર્વક આવકાર્યા હતા અને સુખદ યાત્રાની શુભકામનાઓ પાઠવી હતી. મંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, પ્રયાગરાજ ખાતે જઈને ગુજરાતના શ્રધ્ધાળુઓ મહાકુંભમાં આસ્થાની ડુબકી લગાવી શકે તે માટે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં જે સકારાત્મક નિર્ણય લીધો છે તેને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે. ઑનલાઈન બુકિંગ શરૂ થતાની સાથે જ ગણતરીના કલાકોમાં બુકિંગ ફૂલ થઈ ગયું હતું. ગુજરાતના હજુ વધુ શ્રદ્ધાળુઓ પોતાના પરિવાર સાથે પ્રયાગરાજ જઈ શકે તે માટે વધુ બસો મૂકવા અંગે સરકારના દિશા નિર્દેશો મુજબ નિર્ણય લેવામાં આવશે. મુસાફરોને યાત્રા રૂટમાં કોઈ અગવડ ન પડે તે માટે રોકાણ સહિતની વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાવીને આ નિર્ણય લેવામાં આવશે. હાલની સ્થિતિ મુજબ દરરોજ સવારે ૭ વાગ્યે રાણીપ એસ.ટી ડેપો, અમદાવાદ ખાતેથી એસી વોલ્વો બસ પ્રયાગરાજ જવા નિકળશે. માત્ર રૂ. ૮૧૦૦ માં પ્રતિ વ્યક્તિ ૩ રાત્રિ/૪ દિવસનું પેકેજ ગુજરાતના શ્રધ્ધાળુઓ માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ અને પ્રવાસન નિગમના સંયુક્ત ઉપક્રમે તૈયાર કરવામાં આવ્યુ છે. આ પેકેજમાં તમામ ૩ રાત્રિ માટે રોકાણ અને બસ મુસાફરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રયાગરાજ ખાતે રાત્રિ રોકાણ ગુજરાત પેવેલિયનની ડોરમેટરી ખાતે કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ વોલ્વો બસ સેવાનો પ્રારંભ કરાવ્યો તે વેળાએ ગાંધીનગરના ધારાસભ્ય શ્રીમતી રીટાબહેન પટેલ, મેયર શ્રીમતી મીરાંબહેન પટેલ તેમજ શહેર અને જિલ્લા સંગઠનના પદાધિકારીઓ, પ્રવાસન અગ્ર સચિવશ્રી ડો. રાજેન્દ્ર કુમાર, એસ ટી કોર્પોરેશનના એમ ડી અનુપમ આનંદ અને વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમા ભાજપને હરાવવા AAP તૈયાર

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ગઠબંધનમાં લડવા AAP તૈયાર છે. ભાજપને હરાવવા કોંગ્રેસ ગઠબંધનમાં આવે એ જરૂરી હોવાનો AAP દ્વારા દાવો કરાયો છે. ગઠબંધનને લઈ AAP પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણવ્યું કે, કોંગ્રેસ સાથે લોકસભામાં AAP એ ગઠબંધન અને ટેકો આપ્યો હતો. બંને પાર્ટી અલગ અલગ ચૂંટણી લડે તો ભાજપને ફાયદો થશે. AAP ભાજપને હરાવવા માટે કોંગ્રેસ સાથે રહી ચૂંટણી લડવા તૈયાર છે. સ્થાનિક લેવલે પ્રપોઝલ આવશે તો પણ અમે સ્વીકાર કરીશું ભાજપના સાશનથી મુક્તિ અપાવવા માટે AAP ગઠબંધન કરવા તૈયાર હોવાનું ઈસુદાને કહ્યું. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું બ્યૂગલ ફૂંકાઈ ગયું છે, ત્યારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ગઠબંધનમાં લડવા આમ આદમી પાર્ટી AAP તૈયાર છે. ભાજપને હરાવવા કોંગ્રેસ ગઠબંધનમાં આવે એ જરૂરી હોવાનો AAP ના નેતા દ્વારા દાવો કરાયો છે.

### ડેટા અપલોડ કરવા માટેની જરૂરી ટેકનિકલ વ્યવસ્થા મ્યુનિ. તંત્ર કરશે

## વૃક્ષ ગણતરી કરનારી એજન્સીને ડેટા અપલોડ કરવા ૮ લાખ વધુ ચૂકવાશે

### શહેરમાં દર ચોમાસામાં લાખો વૃક્ષો વાવ્યાનાં દાવા કરવામાં આવે છે, તેમ છતાં શહેરનું તાપમાન સતત વધી રહ્યું છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

શહેરમાં વૃક્ષોની સંખ્યા વધી કે ઘટી તેની મહત્વપૂર્ણ જાણકારી મેળવવા માટે વૃક્ષ ગણતરીની કામગીરી ખાનગી એજન્સીને સોંપ્યા બાદ હવે તેનો ડેટા અપલોડ કરવા માટે મ્યુનિ. ખાનગી એજન્સીને વધારાનાં આઠ લાખ ચૂકવશે.શહેરમાં દર ચોમાસામાં લાખો વૃક્ષો વાવ્યાનાં દાવા કરવામાં આવે છે, તેમ છતાં શહેરનું તાપમાન સતત વધી રહ્યું છે. નાગરિકોને આઠ મહિના ગરમી સહન કરવાનો વારો આવી રહ્યો છે. તેથી મ્યુનિ. બગીચા ખાતાએ ઉપરથી આવેલી સૂચના મુજબ શહેરમાં કયા કયા વિસ્તારોમાં કેટલાં નાના-મોટા વૃક્ષો હયાત છે તેની ગણતરી કરાવવા ટેન્ડર બહાર પાડ્યા હતા. બગીચા ખાતાએ બહાર પાડેલાં ટેન્ડરમાં સાર આઈટી રિસોર્સિસ પ્રા.લિ.નામની કંપનીને વૃક્ષ ગણતરીનો કોન્ટ્રાક્ટ અપાયો હતો. આ કોન્ટ્રાક્ટ અપાયા બાદ એજન્સી દ્વારા મ્યુનિ.ની વેબસાઈટ ઉપર ડેટા અપલોડ કરવા જરૂરી સુવિધા પૂરી પાડવા માટે માગણી કરવામાં આવી હતી. તેનાં અનુસંધાને બગીચા ખાતાનો હવાલો સંભાળતાં ડે.કમિશનરે રિવરળન્ટ હાઉસ ખાતે બગીચા ખાતાનાં અધિકારીઓ તથા ખાનગી એજન્સી સાથે મીટિંગ યોજી હતી. જેમાં એજન્સીનાં પત્રમાં સૂચના મુજબની માગણી ગ્રાહ્ય ન રાખતાં મૌખિક સૂચના આપીને જરૂરી સુધારા સાથે દરખાસ્ત રજૂ કરવા જાણ કરવામાં આવી હતી. તેનાં જવાબમાં ખાનગી એજન્સીએ જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધા મ્યુનિ. દ્વારા પૂરી પાડવાની થાય તેવો પત્ર પાઠવ્યો હતો. દરમિયાનમાં રિવરફ્રન્ટ ખાતે ફ્લાવર શો અને વૃક્ષ ગણતરી અભિયાનનો પ્રારંભ મુખ્યમંત્રીનાં હસ્તે થવાનો હોઈ મ્યુનિ.નાં ડે.કમિશનરે ઈ-ગવર્નન્સ વિભાગનો હવાલો સંભાળતાં સિનિયર આસિ.કમિશનરને જરૂરી કાર્યવાહી કરવા સૂચના પાઠવી હતી. તેનાં પગલે મ્યુનિ.ઈ-ગવર્નન્સ વિભાગે વૃક્ષ ગણતરી કરનારી ખાનગી એજન્સીને જરૂરી ટેકનિકલ વ્યવસ્થા પૂરી પાડવાની હા ભણી હતી.

## પોર્નોગ્રાફી સહિતની તપાસમાં આધેડ ડિજિટલ એરેસ્ટ : ૧૫.૨૦ લાખ પડાવ્યા

### ગઠિયાઓએ ૧૫.૨૦ લાખ પડાવીને ત્રણ દિવસમાં તપાસ કર્યા બાદ પરત આપવાનું કહીને છેતરપિંડી આચરતા સાયબર ક્રાઇમે તપાસ હાથ ધરી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

શહેરમાં રહેતા આધેડ સાથે ડિજિટલ એરેસ્ટના નામે સાયબર ગઠિયાઓએ ૧૫.૨૦ લાખ રૂપિયા પડાવ્યા હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ગઠિયાઓએ એક આરોપીને પકડ્યા બાદ આધેડનું નામ તપાસમાં ખુલ્યું હોવાનું કહીને ડરાવ્યા હતા. ચાઈલ્ડ પોર્નોગ્રાફી સહિત અનેક ગેરકાયદે એક્ટિવિટીની તપાસ માટે નાસિક આવવાનું કહીને ડિજિટલ એરેસ્ટ કર્યા હતા. ગઠિયાઓએ ૧૫.૨૦ લાખ પડાવીને ત્રણ દિવસમાં તપાસ કર્યા બાદ પરત આપવાનું કહીને છેતરપિંડી આચરતા સાયબર ક્રાઈમે તપાસ હાથ ધરી છે. સોલામાં રહેતા ૫૭ વર્ષીય આધેડ એકાઉન્ટનું કામ કરે છે. ગત તા. ૨૨ જાન્યુઆરીએ એક શખ્સે ફોન કરીને ટ્રાઇ ડિપાર્ટમેન્ટમાંથી રાજેશ ચૌધરી બોલતો હોવાનું કહીને ફોન નંબરની પૂછપરછ કરી હતી. બાદમાં આ નંબરથી ચાઈલ્ડ પોર્નોગ્રાફી સહિત અન્ય ગેરકાયદે એક્ટિવિટીની ફરિયાદ મળી હોવાનું કહીને આધેડ સામે નાસિક પોલીસમાં કાર્યવાહી કરવાનું કહીને કંટ્રોલરૂમમાં વાત કરાવી હતી. બાદમાં ઈન્સ્પેક્ટર સંજય વીડિયો કોન્ફરન્સ મારફતે પૂછપરછ કરશે તેમ કહીને ઈન્સ્પેક્ટરનું આઈડી કાર્ડ મોકલ્યું હતું. જ્યારે આધેડને વોટ્સએપ વીડિયો કોલ આવ્યો ત્યારે સામે પોલીસની વર્દીમાં એક શખ્સ બેઠો હતો. આ શખ્સે આધેડના ઘરનું નિરીક્ષણ કરીને રૂમ બંધ કરીને બેસવા કહ્યું હતું. આ બાબતે કોઈને વાત નહીં કરવાનું કહીને આધારકાર્ડ અને ચેકબુક બતાવવા આધેડને કહ્યું હતું. ગઠિયાઓએ તમામ ડોક્યુમેન્ટ પરિવારની અને ધંધાકીય માહિતી બેંક બેલેન્સની માહિતી પણ મેળવી લીધી હતી. બાદમાં આધેડને તમારી સામે ગંભીર ગુનો દાખલ થયો હોવાથી બેંક એકાઉન્ટના ટ્રાન્ઝેક્શન વેરિફાય કરવા નરેશ ગોયલને પકડ્યો હતો.

### ભારતમાં ઘૂસ્યા બાદ બનાવટી આધાર કાર્ડ બનાવી સીમ કાર્ડ મેળવ્યું હતું

## ગેરકાયદે રીતે ભારતમાં ઘૂસણખોરી કરનારા બાંગ્લાદેશીને હાઇકોર્ટે જામીન આપ્યા

### હાઇકોર્ટે જામીન માટે મૂકેલી શરતો પૈકી એક પણ શરતનો ભંગ કરશે તો તેની સામે વોરંટ કાઢીને તેની ધરપકડ કરી લેવાની રહેશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

ગેરકાયદેસર રીતે ભારતની સરહદમાં ઘૂસી આવેલા અને બોગસ ડોક્યુમેન્ટ્સના આધારે આધાર કાર્ડ બનાવી લેનારા બાંગલાદેશી નાગરિકને હાઈકોર્ટે જામીન પર મુક્ત કરવાનો આદેશ કર્યો છે. હાઈકોર્ટે આરોપીને શરતી જામીન આપ્યા છે. જેમાં એવી શરત રાખવામાં આવી છે કે આરોપી અરજદારે જામીનનો દુરુપયોગ કરવાનો રહેશે નહીં અને તેણે કોઈપણ પ્રકારની કાયદો વ્યવસ્થા ભંગ કરનારી પ્રવૃત્તિમાં ભાગ લેવાનો રહેશે નહીં. તેણે વર્તમાન સરનામાના સાચા દસ્તાવેજી પુરાવા આપવાના રહેશે અને ટ્રાયલ કોર્ટની પૂર્વ પરવાનગી વિના સરનામું બદલવાનું રહેશે નહીં. કોર્ટની મંજૂરી વિના ભારત પણ છોડી શકશે નહીં. તેણે પાસપોર્ટ કોર્ટમાં જમા કરાવવાનો રહેશે. હાઈકોર્ટે જામીન માટે મૂકેલી શરતો પૈકી એક પણ શરતનો ભંગ કરશે તો તેની સામે વોરંટ કાઢીને તેની ધરપકડ કરી લેવાની રહેશે. ટ્રાયલ કોર્ટે હાઈકોર્ટના પ્રાથમિક અવલોકનોથી પ્રભાવિત થયા વિના કેસની ટ્રાયલ ચલાવવાની રહેશે. સુરતના ભેસ્તાણ પોલીસ સ્ટેશનમાં મીનાર હેમાયત સરદાર નામની બાંગ્લાદેશી વ્યક્તિ વિરુદ્ધ ભારતમાં ગેરકાયદેસર રીતે ઘૂસીને બનાવટી દસ્તાવેજો બનાવવા સહિતના ગુનાની ફરિયાદ નોંધાઈ છે. જે કેસમાં રેગ્યુલર જામીન મેળવવા માટે તેણે હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેમાં એ મતલબની રજૂઆતો કરવામાં આવી હતી કે સંબંધિત ફ્રેંઈમાં જે ગુના નોંધવામાં આવ્યા છે એમાં અરજદારની કોઈ ભૂમિકા નથી. તેને શરતોને આધિન જામીન પર મુક્ત કરવો જોઈએ. જ્યારે રાજ્ય સરકારે અરજીનો વિરોધ કરતાં એવી રજૂઆત કરી હતી કે,'અરજદાર બાંગ્લાદેશી નાગરિક છે અને ભારતની સરહદમાં તેણે ગેરકાયદેસર રીતે ઘૂસણખોરી કરી છે. એટલું જ નહીં ભારતમાં પ્રવેશ કરી લીધા બાદ તેણે બનાવટી આધાર કાર્ડ મેળવ્યું હતું અને તે સિવાયના બનાવટી દસ્તાવેજો પણ મેળવી લીધાં હતા.